Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या । નં- ૪૪૮

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૭ મું ] [ અંક ૧૦ મો

શ્રાવણ

ઇ. સ. ૧૯૫૧ ૫ મી ઓગષ્ટ

વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૭ મું અંક ૧૦ મો. | શ્રાવણ | વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭

## अनुक्रमणिका


૧. વાત્સલ્ય ભાવ ... ... ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) ૨૦૧

૨. મહાપર્વ પર્યુષણા ... ( શ્રી મગનલાલ મોતીચંદ શાહ " સાહિત્યપ્રેમી " ) ૨૦૨

૩. વિચાર-કણિકા [ મૃત્યુ, સૌન્દર્ય, ઉપકારનો આનંદ ] ( ચિત્રભાનુ ) ૨૦૩

૪. " " [ માનસિક પ્રમાદ ] ( શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી ) ૨૦૬

૫. આત્માનું જ્ઞાન : પર્યુષણ પર્વની આરાધના (આ.શ્રી વિજયલબ્ધિસૂરિજી) ૨૦૭

૬. પ્રત્યાઘાત ... ... ... ... ( પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિ ) ૨૧૦

૭. નયસારનો ભવ કે કર્મસંગ્રામ ભૂમિકા ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૧૩

૮. વૈયાવૃત્ય ... ... ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A. ) ૨૧૯

૯. પર્વાધિરાજ શા માટે કહેવાય છે ? ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) ૨૨૨

૧૦. વંટોળ ... ... ... ... ( પન્નાલાલ જ. મસાલીઆ ) ૨૨૬


## નવા સભાસદ

૧. શ્રી ઉત્તમચંદ હરગોવીંદ શાહ — અમદાવાદ — વાર્ષિકમાંથી લાઈફ મેમ્બર

૨. શ્રી કાન્તિલાલ કાલીદાસ જીવરાજ શાહ — કલકત્તા — લાઈફ મેમ્બર

૩. શ્રી દામોદરદાસ રવચંદ શાહ — ભાવનગર — " "

૪. શ્રી પન્નાલાલ લલ્લુભાઈ શાહ — " — " "

## સીત્તેરમી વર્ષગાંઠ

શ્રાવણ શુદિ ત્રીજ ને રવિવારના રોજ આપણી સભાની સીત્તેરમી વર્ષગાંઠ હોવાથી તે દિવસે પ્રાતઃકાળે નવ વાગે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી પૂજા ભણાવવામાં આવેલ તેમજ બપોરના ચાર કલાકે ટી-પાર્ટી યોજવામાં આવેલ જે સમયે સભાસદોએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.



## જ્ઞાનસાર ( બીજી આવૃત્તિ )

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયવિરચિત આ અપૂર્વ ગ્રંથ ઘણા વખતથી અપ્રાપ્ય હતો, તે તાજેતરમાં નવીન આવૃત્તિરૂપે પ્રગટ કરવામાં આવેલ છે. ગ્રંથ નામ પ્રમાણે જ્ઞાનામૃતના સારરૂપ જ છે. ઉપાધ્યાયજીએ પોતાની જ્ઞાનશક્તિના નીચોડરૂપ આ ગ્રંથ રચ્યો છે અને તેથી જ તે સર્વ કોઈની પ્રશંસાને પાત્ર બન્યો છે. અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા બે, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





પુસ્તક ૬૭ મું.
અંક ૧૦ મો

: શ્રાવણ :

વીર સં. ૨૪૭૭
વિ. સં. ૨૦૦૭


## વાત્સલ્ય ભાવ.

( મંદાક્રાંતા )

ધર્મપ્રેમે નિગડિત થયા બંધુભાવે નિતાંત,
સેવા એવા ભવિક જનની નિત્ય થાજો પ્રશાંત;
સ્વામી ભાઈ ભવ-વનતણા મિત્ર બંધુ પ્રવાસી,
એના માટે પ્રગટ કરજો ભક્તિ વાત્સલ્ય-રાશી. ૧

ભેટી નિત્યે સહુ અનુભવો સૌખ્ય ને દુઃખ સાથે,
અર્પી સેવા તન ધનતણી ટાળજો દુઃખ હાથે;
મોટા પુણ્યે ભવિજનતણી સેવના જે સ્વહસ્તે,
થાએ તથી ભવદવતણા તાપ તે શાંત હસ્તે. ૨

આત્માકેરી પ્રભુપદ ભણી ઉન્નતિ સર્વ સાધે,
સેવા ભાવે પ્રાણુતિ સહસા આસ્રવોને નિરોધે;
માટે સાધો નિજ મનથકી ઉચ્ચ વાત્સલ્ય ભાવ,
તેથી થાશે અવિરત સદા આત્મશાંતિ સ્વભાવ. ૩

મારા ભાઈ ભગિનીજન સૌ સૌખ્ય આનંદ પામો,
આત્માકેરા સુખ અનુભવી શાંતિના સર્વ ધામો;
પામો રૂડા સકલ જગમાં તુષ્ટિ પુષ્ટિ અનેક,
નિત્યે ઇચ્છે નિજ મનથકી ભાવ બાલેન્દુ એક. ૪

**શ્રી બાલચંદ હીરાચંદ-" સાહિત્યચંદ્ર. "**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાપર્વ પર્યુષણા.

સુણો ચંદાજી........એ રાગ.

ધન્ય દિવસ આજ, પર્યુષણા પુણ્યકારી ભાવે ઉજવો;
વધે આત્મપ્રકાશ, જ્ઞાન ક્રિયા સદ્‌ભાવે સાથે મેળવો,
ધન્ય દિવસ આજ......એ ટેક.

મહામોંઘો માનવ જન્મ મળ્યો, દશ દષ્ટાંતે અતિ દુર્લભ ગણ્યો;
કોઈ પુણ્ય રાશિનો યોગ ભણ્યો, ધન્ય દિવસ આજ...... ૧

છે મહિમા મોટો જૈન પર્વતણો, અષ્ટાહ્નિકાનો વિસ્તાર ઘણો;
પ્રભાવ પર્યુષણાનો બહુ ગણો, ધન્ય દિવસ આજ...... ૨

નંદીશ્વરમાં દેવો સૌ મળતા, ભક્તિભાવે આ પર્વ ઉજવતા;
ધર્માનંદ આ રીતે મેળવતા, ધન્ય દિવસ આજ...... ૩

પુણ્યવાન્ આ પર્વને આરાધે, નાનાવિધ સત્ક્રિયા સાધે;
દિન આઠે આ રમણુતા રાખે, ધન્ય દિવસ આજ...... ૪

કોઈ સ્વરૂપાનંદ સંત-વંદનમાં, દીન દુઃખીતણા દુઃખભંજનમાં;
કોઇ રમી રહ્યા જ્ઞાન-ગુંજનમાં, ધન્ય દિવસ આજ...... ૫

દાન શીલની ભાવના ભાવે, ત્યાગ વૈરાગ્યમાં મનને વાળે;
સમભાવી બની ભવ-ભય ટાળે, ધન્ય દિવસ આજ...... ૬

વાણી વર્તનમાં સત્યો ભરતા, મોહ માન વિભાવોને તજતા;
"**विणओ धम्ममूलो**" આચરતા, ધન્ય દિવસ આજ...... ૭

શુદ્ધ સામાયિક વ્રત આદરતા, પ્રતિક્રમણુ ને પૌષધ કરતા;
સ્વાધ્યાયની રેલી રેલવતા, ધન્ય દિવસ આજ...... ૮

જેઓ ઇંદ્રિયનિગ્રહમાં રાચ્યા, ચંચળ મનના વેગથી વિરામ્યા;
તે જ પર્વના મહિમાને પામ્યા, ધન્ય દિવસ આજ...... ૯

"અઠ્ઠમ તપશ્ચર્યા" ગુણુકારી, ભાવવૃદ્ધિ થતાં એ ભયહારી;
નાગકેતુના તપની બલિહારી, ધન્ય દિવસ આજ...... ૧૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"સ્વામીવાત્સલ્ય" શક્તિથી કરતા, સ્વબંધુ પ્રતિ મમતા ધરતા;
વિશ્વબંધુત્વ ગુણને મેળવતા, ધન્ય દિવસ આજ...... ૧૧

ષટ્કાયની જે રક્ષા કરતા, પરં અહિંસા મંત્રને ભજતા;
"અમારીપાલન"ને આચરતા, ધન્ય દિવસ આજ...... ૧૨

સંકલ્પ વિકલ્પને છોડે, જ્ઞાન ક્રિયામાં મનને જોડે;
તે મિથ્યાત્વનાં દળ તોડે, ધન્ય દિવસ આજ...... ૧૩

પાંચ કર્તવ્યનું સ્મરણ કરતાં, દિન ચારની વિધિઓ ગણતાં;
"કલ્પશ્રવણ"થી સહુ દુઃખ ટળતાં, ધન્ય દિવસ આજ...... ૧૪

સેવા વૈયાવચ્ચને આદરતા, દ્વાદશાવર્ત વંદના કરતા;
મૈત્રી ભાવે એ સૌને ભજતા, ધન્ય દિવસ આજ...... ૧૫

સાચો શ્રાવક સદ્વ્રતો પાળે, જીભ જીતીને મનડું વાળે;
તે "ઇચ્છાનિરોધ" તપને પામે, ધન્ય દિવસ આજ...... ૧૬

નિત્ય કર્મમાં જે શુદ્ધિ કરતા, વળી ઉપયોગ ને યત્ના ધરતા;
તે અલભ્ય લાભો મેળવતા, ધન્ય દિવસ આજ...... ૧૭

આપો "ક્ષમા" અંતરને ઉભરાવી, સહુ જીવો પ્રતિ કરુણા લાવી;
વેર વિરોધનાં મૂળો બાળી, ધન્ય દિવસ આજ...... ૧૮

દિન આઠની કર્તવ્ય રિદ્ધિ, જે આત્માની કરતી શુદ્ધિ;
માનવ ભવ પામ્યાની એ સિદ્ધિ, ધન્ય દિવસ આજ...... ૧૯

પંચવિધ પર્યુષણા ઉજવશે, જપ તપ અનુષ્ઠાને વળશે;
તે જીવો ભવસિંધુ તરશે, ધન્ય દિવસ આજ...... ૨૦

પુણ્ય પર્વારાધન આ ગાયું, ભવિ હિતાર્થે મન હરખાયું;
પૂર્વાચાર્યોએ અમૃત પાયું, ધન્ય દિવસ આજ...... ૨૧

જીવ સર્વ સિદ્ધિનો સ્વામી, વિભાવથી ચાર ગતિગામી;
સ્વભાવે વળતાં શિવ સ્વામી, ધન્ય દિવસ આજ...... ૨૨

ગુણી ગુણના ઉદયથી વળશે, સારગ્રાહી બની સુપંથે પડશે;
"પ્રકાશ"ની વિનતિ શિર ધરશે, ધન્ય દિવસ આજ...... ૨૩

**મગનલાલ મોતીચંદ શાહ "સાહિત્યપ્રેમી"–સુરેન્દ્રનગર**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિ-ચા-ર ક-ણિ-કા

### મૃ ત્યુ

મૃત્યુ! પ્યારા મૃત્યુ! તારી ભવ્યતા તો ભવ્ય કરતાં પણ ભવ્ય છે! જે વાચાથી પર છે ને આત્માથી અભિન્ન છે!

તું ક્ષુદ્ર માનવીને ભવ્ય બનાવે છે ને ભવ્ય માનવીને ક્ષુદ્ર પણ બનાવી મૂકે છે, આ તારી કેવી ભવ્યતા?

તારાથી જે ભડકે છે તે ભવ્ય માનવ હોય તો પણ ક્ષુદ્ર માનવ બની જાય છે અને તને જે પ્રકાશની જેમ હસતે સુખે ભેટે છે તે ક્ષુદ્ર માનવ હોય તો પણ મહામાનવ બની જાય છે.

પ્યારા મૃત્યુ! હું તારા પ્રેમભર્યા મિલનની વાટ જોતો એટલા માટે જ વિચરું છું કે–હવે તારા મિલન પછી બીજા ઘણા મિલન થવાનાં નથી. આ અને કદાચ આ પછીનું–એક અધિક-મિલન મને અમર બનાવનારું છે, જ્યોતિના પુંજને પમાડનારું છે, અનંત આનંદના સાગરમાં નિમજ્જન કરાવનારું છે!

વૈભવથી છલકાતા મહાલયમાં વસતા કોઈ માનવીને, તારું નામ કદાચ હાડ-ધ્રૂજાવે એવી કંપારી પણ છોડાવે, કારણ કે એને મહાલયમાંથી ઝૂંપડીમાં જવાનું છે, પ્રકાશમાંથી અંધકારમાં જવાનું છે; પણ મારે? મારે તેમ નથી. મારે તો ઝુંપડીમાંથી અનંત પ્રકાશથી ઝળહળતી સિદ્ધશિલા પર જવાનું છે, અંધકારમાંથી પ્રકાશમાં ને અજ્ઞાનમાંથી જ્ઞાનમાં જવાનું છે! માટે જ તો તારાં આગમનનાં પગલાં મારા મનોમંદિરમાં સંભળાય છે ત્યારે મારામાં યુવાનીનો કોઈ અદમ્ય જુસ્સો આવી જાય છે!

વ્હાલા મૃત્યુ! તું તો મારી નૌકા છે. સામે કિનારે બેઠેલાં મારા મિત્રોને મારે મળવું છે. તારા વિના મને ત્યાં કોણ લઈ જાય?

અપાપાપુરીમાં તું જ ભગવાન વર્ધમાનને ભેટ્યું હતું ખરું ને! એ મહામાનવને ભેટીને તેં જ એમને અમર બનાવ્યા હતા ખરું ને?

પ્યારા! બોલ તો જરા, એ જ રીતે તું મને કયારે અને કયાં ભેટીશ? એ મધુર સુપળ કેટલી સુમધુર હશે!*

—ચિત્રભાનુ

* સરખાવો—શ્રી અરવિંદ ઘોષના 'મૃત્યુ' ઉપરના કાવ્યનો અંતિમ ભાગ. (જી. એ.)

અનંતતાના પ્રવેશદ્વારે મૃત્યુ તો પરિચારિકા. (સેવિકા–નર્સ)
જે જીર્ણ વસ્ત્રો પરિહરીને, નવીનને પહેરાવતી,
એ મૃત્યુથી હે માનવી, તું કયાં ડરે? તું શ્યાં ડરે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સૌન્દર્ય

ઓ સૌંદર્યના પિપાસુ !

સૌંદર્યને તું કેવી રીતે પીશ ?—જો તારા પોતાનામાં જ નહિ હોય તો ?

જે—પોતાનામાંથી નથી—તે અન્યમાં જુવે છે ખરો ? અને કોઇ કહે કે હું જોઉં છું, તો તે સત્ય દર્શન છે ખરું ?

એમ તો આંધળો પણ અંધકારને જુવે છે-પણ અંધકાર એ શું સત્ય દર્શન છે ? દર્શનને યોગ્ય છે ?-વિષયોની જેમ !

તો પછી તું તારી દૃષ્ટિને જ સૌંદર્યમય કાં ન બનાવે ? તારી નજર સૌંદર્યમય બનશે તો પછી આખું વિશ્વ તને માત્ર સૌન્દર્યનું ધામ જ દેખાશે. સૌંદર્ય, સૌંદર્ય અને સૌંદર્ય !

× × ×

ઓ સૌંદર્યને પીવા તલસતા તૃષાતુર !

તું સૌંદર્યનું પાન કયાં કયાં કરીશ અને કયાં કયાં નહિ કરે ?

એવું એક સ્થાન તો બતાવ કે જ્યાં સૌંદર્ય ન હોય ?

કયાંયેક રૂપનું છે તો કયાંયેક બુદ્ધિનું છે,
કયાંયેક વૈભવનું છે તો કયાંયેક ભાવનાનું છે;
કયાંયેક સ્થાનનું છે તો કયાંયેક પવિત્રતાનું છે,
કયાંયેક બળનું છે તો કયાંયેક નક્કરતાનું છે;
કયાંયેક કળાનું છે તો કયાંયેક કલ્પનાનું છે,
કયાંયેક શિલ્પનું છે તો કયાંયેક કાવ્યનું છે.

ડગલે અને પગલે—આવા અનંત સૌંદર્યથી છલકાતા વિશ્વમાં, સૌંદર્યને મર્યાદિત સ્થાને જ શોધવા જવું એનો અર્થ સૌન્દર્ય-દૃષ્ટિની અજ્ઞાનતા સૂચવે છે !

**ચિત્રભાનુ**

* * *

## ઉપકારનો આનંદ.

ધરતી ધગધગતી હતી. ચારે તરફ કાંટા પથરાયેલા હતા. જવાનો માર્ગ કયાંયે ન હતો. મારે પેલી પાર જવું હતું. હું થંભી ગયો—પણ-પણ ત્યાં તો ગુલાબનું એક ફૂલ દેખાણું. એણે હાસ્ય-સૌરભની છોળો ઉછાળી, અને આવીને મારા માર્ગમાં વિખરાઇને પથરાઇ ગયું. નીચે કાંટા અને એની ઉપર ગુલાબની વિખરાયેલી કોમળ અને નાજુક પાંખડીઓ હતી. એના પર પગ મૂકી, હું ચાલ્યો ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પછી રાત જામી. રાત્રે હું શય્યામાં પોઢ્યો હતો, ત્યારે, નાજુક પાંખડીઓને લાગેલા ઘાના જખમો મારા હૈયામાં અકથ્ય વ્યથા ઉપજાવી રહ્યા હતા, અને એમને લાગેલો તાપ, મારી કાયાને સળગાવી રહ્યો હતો; જ્યારે, ગુલાબની પાંખડીઓ મસ્ત રીતે હસતી હતી, અને માદક શય્યામાં પોઢી ન હોય એવી શીતલતાની મજા માણી રહી હતી.

અમારે વેદનાનો વિનિમય કરવો પડ્યો હતો:—

કાંટા ફૂલને વાગ્યા, લોહી મને નીકળ્યું. તડકો એના ઉપર વરસ્યો, તાપ મને લાગ્યો!

વાહ રે ઉપકારનો અગમ્ય આનંદ!

**ચિત્રભાનુ**

* * *

## માનસિક પ્રમાદ ( Mental Laziness ).

માનસિક આળસ—માનસિક પ્રમાદ માણસનો મહાન્ શત્રુ છે, માનવીમાં રહેલ શયતાન છે. અહંકાર, ઇર્ષ્યા, લોભ આદિ અનેક દુર્ગુણો ઊભા કરવાનું અને વિકસાવવાનું મનને તે ફલદ્રૂપ ક્ષેત્ર બનાવે છે. જમીનને રીતસર ખેડવામાં ન આવે, કેળવવામાં ન આવે તો તે જમીનમાં નકામાં જાળાંઝાંખરા જેમ ઊગી નીકળે છે, તેમ મનને કેળવવામાં ન આવે, સંયમમાં ન રાખવામાં આવે તો મન નવા નવા કુતર્કો ઊભા કરે છે, માટે મનને હમેશાં સારા વિચારમાં રોકાયેલ રાખવું જોઇએ. શાસ્ત્રકાર કહે છે કે–મન જ માણસોના બંધ અને મોક્ષનું કરણ છે. મન એટલું બધું ચંચળ છે કે તેને વશ રાખવું અતિદુર્લભ છે. શ્રી ભગવદ્ગીતામાં કહ્યું છે કે–અભ્યાસ અને વૈરાગ્યથી મનને વશ કરી શકાય છે. મહાન્ પુરુષો–તીર્થંકરો આદિના વચનોનો સતત અભ્યાસ જોઇએ, ચિંતવન કરવું જોઇએ. બહિર્વસ્તુઓ ઉપરનો મોહ ઓછો થવો જોઇએ, તો ધીમે ધીમે મન સંયમમાં આવે છે, અને સદ્ગુણો અને સદ્વૃત્તિઓ માટે યોગ્ય ક્ષેત્ર બને છે.

મનમાં એવી ભાવના દૃઢ થવી જોઇએ કે જગતમાં એક સનાતન નૈતિક–આધ્યાત્મિક નિયમ વર્તે છે, જે નિયમને આધીન સમસ્ત લોકવ્યવસ્થા છે, તે નિયમને આધીન ભૌતિક જગત્ છે એટલું જ નહિ પણ નૈતિક જગત છે. આવી દૃઢ શ્રદ્ધાથી માનવીનું મન ઉન્નત માર્ગે વળે છે, તેનો પ્રમાદ દૂર થાય છે, ઉન્નત વિચારોમાં અને સારી કરણીમાં માણસ પ્રવૃત્ત બને છે; માટે જ શ્રી મહાવીર ભગવાને કહ્યું છે કે–હે ગૌતમ! સમય માત્ર પ્રમાદ ન કર.

**શ્રી જીવરાજભાઇ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનું જ્ઞાન એ જ સાચું જ્ઞાન છે અને તે નિમિત્તે શ્રી પર્યૂષણાપર્વની આરાધના છે.

લેખક:—વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યશ્રીમદ્ **વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજ.

**આ**ત્મજ્ઞાન એ સાચી સંપત્તિ છે. જગતની તમામ વિપત્તિઓ આત્મજ્ઞાનના અભાવે જ જન્મવા પામી છે. આત્મજ્ઞાનની સંપત્તિઓ ચૌરાદિથી અહાર્ય, અગ્નિથી અદાહ્ય, જલથી અનિમજ્જનીય તેમજ કાલથી પણ અવિનાશ્ય હોઇ સદૈવ શાશ્વતી ઝાકઝમાળપણે આનંદધામમાં વસે છે. જેનામાં આ સંપત્તિ આવી હોય તે જ સાચો સંપત્તિમાન્ કહેવાય છે. આવી સંપત્તિની પ્રરૂપણા કરનાર જ ખરો યોગી છે. જેઓ આ સંપત્તિને ભૂલી જગતની સંપત્તિમાં ડુલી રહ્યા છે તે જ ચોરાશી લાખ યોનિઓમાં ઝૂલી રહ્યા છે. આ વાત કદીએ ભૂલવા જેવી નથી. જેઓ યોગીઓ થઇને પણ દુનિયા શું ઇચ્છે છે અને તે ઇચ્છી રહી હોય તે તરફનો પક્ષ કરી સંસારવૃદ્ધિરૂપ લૌકિક સંપત્તિના ઉપદેશમાં અથવા તો તેમને લાડી, ગાડી અને વાડીની મોજમજાહના સાધન ઉત્પન્ન કરી આપવાના કામમાં લાગી જાય છે તેઓ યોગીઓ નથી પણ ભોગીઓ છે; કેમકે આત્મજ્ઞાન એ જ સાચું જ્ઞાન છે. અને આ જ્ઞાનની પ્રાપ્તિનું પ્રેરક આપણું તારક **શ્રી પર્યૂષણા મહાપર્વ** છે અને તેથી જ તે સર્વોત્તમ છે.

**આ**ત્મજ્ઞાનની પ્રાપ્તિ એ એક અજબ વિભૂતિ છે. એ વિભૂતિ આપણને વળગેલી સકલ કર્મની ભૂતિને ઉડાડી મૂકનાર છે. તે માટે લૌકિક સંપત્તિનો ત્યાગ કરી આત્મ–સંપત્તિના માટે સત્વર સજ્જ થઇ જવું જોઇએ. આ સંપત્તિનું સાધન શ્રી પર્યૂષણા પર્વની સંપત્તિ છે તેમ ધારી અધ્યાત્મજ્ઞાની બની, વિષયવિમુખતાને કેળવી, આત્માભિમુખી બની, શ્રી પર્યૂષણાપર્વ આરાધવાની રમણતાની રમણી બનાવી, ભવભ્રમણાનો પરિહાર કરી સિદ્ધાવસ્થા મેળવવાને સર્વ યોગોનો ત્યાગ કરી અયોગી બનો એવી પ્રેરણા આપનાર આત્મજ્ઞાનપ્રદ શ્રી પર્યૂષણા મહાન્ પર્વ છે.

પર્યૂષણ શબ્દમાં બે શબ્દો છે. એક **परि** અને બીજો **उषण.** બન્ને ભેગા થઇ સંધ્યક્ષરરૂપે **पर्यूषण** શબ્દ ઉત્પન્ન થયો છે. **परि** નામ **सर्वतः** એટલે ચારે તરફથી અને **उषण** નામ વસવું. તાત્પર્ય–ભલી પ્રકારે વસવું–ત્રૂટી વગર વસવું. અખંડપણે વસવું–રહેવું; પણ કયાં ? આત્મભાવનામાં, બધાય સ્થાનોની ભાવના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોડી આત્મભાવમાં જ વસવું આનું નામ પર્યૂષણ. જે આત્મજ્ઞાન ખરું જ્ઞાન છે, તે જ્ઞાન તેના આધારભૂત આત્મભાવમાં વસીયે તો આવે કે ભાવથી ખસીયે તો આવે? કહેવું જ પડશે કે-તે ભાવમાં વસીયે તો જ આવે. આપણે જો આત્માની જરૂરત હોય તો પછી શ્રી પર્યૂષણાપર્વની જરૂરત કેટલા પ્રમાણમાં હોય તે વાત ઉપરની વાતથી કળી શકાય તેમ છે.

શ્રી પર્યૂષણાપર્વમાં અઠ્ઠમ તપ કરવાના કરેલા સંકલ્પે પણ વિમાતાથી પીડિત વણિકપુત્રને અનેક જાતનાં વૈભવથી ભરપૂર શ્રીકાન્ત શેઠને ત્યાં જન્મ આપ્યો. એ શ્રી પર્યૂષણા મહાપર્વનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. એક સામાન્ય સમયનો અઠ્ઠમ તપ અને બીજો શ્રી પર્યૂષણાપર્વ સંબંધીનો અઠ્ઠમ તપ એ બેમાં ઘણું અંતર છે અને તે અંતર એક ચોમાસામાં વાવેલી બાજરી અને બીજી શેષકાલમાં વાવેલી બાજરીની ફલોત્પત્તિ જેવું છે. અન્ય કાલમાં કરેલ અઠ્ઠમ તપ જરૂર ફલ આપે પણ શ્રી સંવત્સરી પર્વ નિમિત્તના અઠ્ઠમ તપના ફલની વાત જુદી જ છે. તે નિમિત્તના અઠ્ઠમ તપની ધારણાએ તો શ્રીમંતને ઘેર જન્મ આપ્યો અને અતિ બાલ્યાવસ્થામાં કરેલ અઠ્ઠમ તપે તે જ ભવમાં કેવલજ્ઞાન આપ્યું.

જે પર્યૂષણા પર્વ ક્ષમાનું અપૂર્વ સ્થાન જમાવી બેઠેલ છે તે પર્વની હોડ બીજું કોણ કરી શકે? બાર મહિનામાં ગમે તેવા વિગ્રહો થઇ ગયા હોય, કષાયોનું ગરમાગરમ બજાર બનાવી દીધું હોય, એક બીજાને માબાપ મરે પણ બોલવા ચાલવાનો વ્યવહાર ન હોય એવા માનવીઓને આ પુનીત પર્વ પારસ્પરિક ક્ષામણાં કરવાનું ઊંચું શિક્ષણ આપે છે. એ શિક્ષણ રાજર્ષિ ઉદાયીએ શ્રી પર્યૂષણ પર્વ દરમ્યાન સ્વીકાર્યું અને તે જ ભવમાં કેવલજ્ઞાન પામ્યા, તેવા પર્વની ઉપમા બીજું પર્વ કેવી રીતે મેળવી શકે? બલિહારી શ્રી પર્યૂષણા મહાપર્વ તારી? કે તેં અનંતા આત્માઓને તાર્યા, અનંતાઓને શ્રીતીર્થંકર બનાવ્યા ને અનંતા દુઃખોનો અંત કરી અનંતા સુખો આપ્યાં. તારા પગમાં પગ મૂકી શકે એવું કોણ છે બાપુ? હે શ્રીપર્યૂષણાપર્વ! તારી આરાધના કરવા માટે મહારાજા કુમારપાલે ક્રોડોની આવક જતી કરીને ક્રોડોના ખજાનામાંથી વ્યય કરી સાધર્મિક વાત્સલ્યને એવું તો સુંદર દીપાવ્યું કે આજે તે મહાપર્વ દરમ્યાન ઘણા જ ગૌરવથી તેમનું નામ લેવાય છે અને ત્રીજે જ ભવે શ્રીતીર્થંકર ભગવાનથી બીજા નંબરના ગણધર પદને પામી શિવસુંદરીના સંગી થશે. આવા પવિત્રતમ મહાપર્વની તુલનામાં આવી શકે એવું પર્વ હોઇ શકે કે કેમ એ આશંકનીય વિષય છે. કદીય તપશ્ચર્યા નહિ કરી શકનાર જે શ્રીયકને શ્રીપર્યૂષણા મહાપર્વના એક જ ઉપવાસે સ્વર્ગના દ્વાર ખોલી દીધાં એ મહાપર્વ શ્રીપર્યૂષણની કોટી કોટી બલિહારી કેમ ન કહીએ? જે મહાપર્વ શ્રીપર્યૂષણ વજ્રસ્વામી જેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુગપ્રધાન આચાર્ય ભગવંતને પુષ્પાનયનની પ્રેરણા આપે અને તે શાસનના અપૂર્વ કાર્યકારણના પ્રભાવે આખાય નગર અને ત્યાંના બૌદ્ધ નૃપતિને જૈનધર્મી બનાવે તેવા આરાધ્ય પર્વની પ્રશંસા જેટલી કરીએ તેટલી ઓછી છે. બાર મહિનામાં તપનું દેવાળું હોય તેવા પણ આ તારક પર્વમાં છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, માસ અને છ માસનાં આકરાં તપો આદરી શકે તે મહાપર્વનો ચમત્કાર કોઈ પર્વથી ઉતરે તેવો નથી. આ લોકોત્તર શ્રી પર્યૂષણા મહાપર્વ આપણા પૂર્ણ ભાગ્યોદયે આવી રહ્યાં છે તો તેમાં સર્વથી પ્રથમ ભરત, સૂર્યયશા, દંડવીર્ય, કુમારપાલ આદિ ઉદાર નૃપતિઓનાં તેમજ જગડુશા, જાવડશા, ભાવડશા આદિ શ્રેષ્ઠિવર્યોનાં ઉદાહરણોથી સંસ્કાર મેળવી પોતાના જીવનમાં તેમની સાધર્મિક વાત્સલ્યની પ્રીતિ ઉતારવી અને પોતાના સાધર્મિકોનાં ઉદ્ધારમાં કટિબદ્ધ થવું એ જ શ્રેયસ્કર છે. પોતે પોતાના વાર્ષિક ખર્ચની ઉપર બે આની ભાગ જેટલે ભાગ સાધર્મિક વાત્સલ્યનાં આશ્રિતોને આપવાની આ પર્વમાં બધા ય પ્રતિજ્ઞા કરે તો એક પણ સાધર્મિક બંધુ હાથ લંબાવવાને તૈયાર ન રહે. એવી રીતે સહજમાં સ્વબંધુઓનો ઉદ્ધાર કરી શકે છે. અત્યારે પોતાના જાતિ ભાઈઓનાં ઉદ્ધારમાં એકતાન બનવાની જરૂરત છે. આ પુનીતતમ પર્વથી પ્રેરણા મેળવી આ પર્વમાં ઉદાર બનવાનો એક પણ જૈન ભાઈ ઉધારો નહિ રાખે એવી આશા રાખવામાં આવે છે. જો એવો નિરધાર કરી લેવામાં આવે તો ઓછામાં ઓછું તમારા વાર્ષિક ખર્ચના હિસાબે જે રકમ થાય તેમાંનો બે આની ભાગ જ સાધર્મિક બંધુઓને અર્પણ કરવો અને સમજવું કે-બે આની ભાગે અપાતા દ્રવ્ય જેટલો ખર્ચ વધી ગયો હતો. આમ સાવ કંજુસને માનવાનું છે. ઉદારોને તો એમજ રહે કે અમારા ઘરનો ખર્ચ એ મોહની સેવામાં સમર્પણ થયો છે અને તે દુઃખનું કારણ બનેલ છે અને સાધર્મિક બંધુઓને જેટલી રકમ આપીશું તે ધર્મ મહારાજાના દરબારમાં દાખલ થશે અને તે દ્રવ્યવ્યય અમને સુખ આપનાર થશે માટે મારી લક્ષ્મીનો બહોળો ભાગ આ સેવામાં લાગે તો ઘણું સારું.

ઘણાં શ્રી પર્યૂષણાપર્વો ગયાં અને આવ્યાં પણ મમતાનાં મૂળીયાં ઢીલાં ન થયાં. દાનમાં ઉત્તમ દાન સાધર્મિકોની સેવામાં જે દાન દેવાય તે કહેવાય. બધું છોડીને મરી જવું છે તો પછી સર્વોત્તમ સાધર્મિક સેવાના મીઠા મેવા ખાઈને અજરામર કેમ ન બનવું ? જો એમ ન થાય તો આપણે સર્વોત્તમ શ્રી પર્યૂષણાપર્વની આરાધનાથી શું મેળવ્યું ? આ વિચારવા જેવું છે. सुज्ञेपु किं वहुना ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રત્યાઘાત

[ શ્રમણભગવાન્ શ્રી મહાવીરસ્વામીના પૂર્વભવનો એક વાર્તા-પ્રસંગ ]

લેખક—પંન્યાસશ્રી ધુરન્ધરવિજયજી ગણિ.

મથુરા નગરીના મહાપથ આજ સાંકડા બની ગયા હતા.

માનવનો મહેરામણ ઉભરાયો હોય એવું લાગતું હતું. ઘેર ઘેર આનન્દ-ઉત્સવ હતો. રાજ્ય તરફથી દરેકને આનન્દ અને ઉત્સવ કરવાના આદેશ અપાયા હતા.

રાજગૃહના રાજકુમાર વિશાખનંદી મથુરાની રાજપુત્રીને પરણવા આવ્યા છે. તે નિમિત્તે નગરમાં શણગાર રચાયા છે.

રાજપુત્રીના માતા વિશાખનંદીના ફઇ એટલે પિતાના બ્હેન થાય અને એ રીતે પણ મથુરામાં વિશાખનંદીનું આગમન એ આનન્દ-જનક ગણાય.

નગરના રાજરસ્તા ઉપર એક સુન્દર મહાલય( મહેલ )માં વિશાખનંદીનો ઉતારો છે.

રંગરાગ અને અમનચમનને સર્વસ્વ ગણનાર રાજકુમાર બારીએ બેસીને નગરને નિરખી રહ્યો છે. નગરને શણગારાએલું જોઇને તે મનમાં મલકે છે. સાથેના પરિવાર સાથે ભૂત-ભાવિની વાતો કરતો તે સમયને પસાર કરી રહ્યો છે.

નગરને સાફસુફ કરનારા લોકો સાવધાનીથી વારંવાર નગરને સાફ કરે છે અને જ્યાં ત્યાં ગંદકી ન થાય તે માટે દેખરેખ રાખતા ફરે છે.

તેમના ત્રાસથી ત્રાસી ગયેલા અને છૂટા ફરવાને ટેવાએલા ગાય-બળદ-બકરી વગેરે પશુઓ એક ખાંચામાંથી બીજા ખાંચામાં અને બીજા ખાંચામાંથી ત્રીજા ખાંચામાં એમ દોડાદોડ કરી રહ્યા છે.

એ અવસરે દૂર-દૂરથી એક મુનિ નીચી દૃષ્ટિથી યુગપ્રમાણ ભૂમિનું શોધન કરતા કરતા ચાલ્યા આવે છે.

મુનિએ શાન્ત સમતાભાવે એક માસના ઉપવાસ નિર્વિઘ્ન-જરી પણ ગ્લાનિ વગર પૂર્ણ કર્યા છે.

મહિના મહિનાના ઉપવાસ કરવા એ, એ મુનિને મન સાધારણ વાત હતી.

જરી પણ તપ કરવાને નહિં ટેવાએલા એ મુનિ છટ્ઠ-અટ્ઠમ કરતાં કરતાં છેવટે આવી મહાન્ તપશ્ચર્યાઓ કરવામાં કુશળ બન્યા હતા.

એ મુનિનું શુભ નામ ' વિશ્વભૂતિ ' હતું. વિશાખનંદી રાજકુમારના કાકાના પુત્ર ભાઇ થતા હતા.

વિશાખનંદીના પિતા મહારાજા વિશ્વનન્દિ અને વિશ્વભૂતિના પિતા યુવરાજ વિશાખભૂતિ. એ બન્ને સહોદર બન્ધુ થતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્પકરંડક ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે વિશ્વભૂતિ અને વિશાખનંદી એ બન્ને વચ્ચે સ્પર્ધા રહેતી અને તેમાં હંમેશા વિશ્વભૂતિ ફાવતા. કુલમર્યાદા પ્રમાણે એક જણ એ ઉદ્યાનમાં ક્રીડા કરતા હોય ત્યારે બીજાથી જવાય નહિં.

જ્યારે ત્યારે વિશ્વભૂતિ ત્યાં ક્રીડા કરતા હોય અને વિશાખનન્દીને વીલે મોઢે પાછું ફરવું પડે. પોતાના પુત્રને ઉદ્યાન–વિલાસથી વંચિત રહેવું પડે છે એ જાણી મહારાણી પ્રિયંગુને રીસ ચડી–તે રીસ ઉતારવા માટે મહારાજાએ કપટ આચર્યું.

'મહારાજા, પુરુષસિંહ નામના સામન્તને વશ કરવા માટે યાત્રા કરે છે' એવી યુદ્ધ-ભેરી વાગી. તે સાંભળીને વિશ્વભૂતિ વિલાસ ફેંકી દઇને મહારાજા પાસે આવ્યા ને પોતે તેની સાથે યુદ્ધ કરવા જશે એમ જણાવી સૈન્ય સાથે ગયા.

સામંત પુરુષસિંહ સામે આવ્યો ને ખૂબ વિનય દેખાડયો.

તેનું ભેટણું લઇને વિશ્વભૂતિ પાછા ફર્યા. અને જ્યાં ઉદ્યાનમાં ક્રીડા માટે જાય ત્યાં તો તે સ્થળે વિશાખનંદી છે એ જાણી, આ કપટ નાટકનું રહસ્ય તેમના જાણવામાં આવી ગયું.

તેમના હૃદયમાં રોષની જવાળા ભભૂકવા લાગી અને બહાર રહેલા કોઠાના ઝાડને એક મુક્કી મારીને કોઠાઓને નીચે પાડી દીધા ને ગર્જના કરીને કહ્યું કે–જો મારા હૃદયમાં વડિલો પ્રત્યે ભક્તિ ન હોત તો આવા કપટ કરનારાઓના મસ્તકોની આવી દશા કરતા કાંઇ વાર ન લગાડત.

વિશ્વભૂતિએ ભભૂકી ઉઠેલા રોષને ઠારી દીધો–દાબી દીધો અને સર્વસ્વનો ત્યાગ કરી સમ્ભૂતિવિજયસૂરિ પાસે સંયમ સ્વીકાર્યું અને ધીરે ધીરે આગળ વધતાં મહાન્ તપસ્વી બન્યા. આજ માસોપવાસ પૂર્ણ કરીને પારણા માટે વહોરવા તેઓ મથુરામાં આવ્યા હતા.

તપઃકૃશ તેમની કાયા ઓળખી પણ ઓળખાતી નહોતી.

દૂર દૂરથી આવતા તેમને વિશાખનંદીના પરિવારમાંથી એક જણે ઓળખી લીધા અને આંગળી ચીંધીને વિશાખનંદીને કહ્યું—

' આ સામેથી ચાલ્યા આવતા મુનિને આપ ઓળખો છો ! '

' હા–હા. ઓળખ્યા, આ તો વિશ્વભૂતિ ' ખૂબ બારીકાઇથી અવલોકન કરતાં વિશાખનંદીએ કહ્યું અને ઉમેર્યું કે–' કયાં એ કદાવર સુન્દર શરીર અને કયાં આ સૂકલકડી શ્યામ કાયા, ઓળખાતું પણ નથી. '

પુષ્પકરંડક ઉદ્યાન, રમવા માટે સ્પર્ધા, વિશ્વભૂતિનો રોષ, કોઠાના ઝાડને તોડી નાખવું વગેરે પ્રસંગો જાણે તાજા જ ન બન્યા હોય એમ વિશાખનંદીના મનમાં તરવરવા લાગ્યા.

વિશ્વભૂતિ મુનિ તો એ સર્વ ભૂલી ગયા છે. આત્મ–કલ્યાણ કરવું અને તેમાં આડે આવતાં કર્મોને બાળીને ખાખ કરી નાખવા એ એક જ ધ્યેય રાખીને તેઓ આગળ વધી રહ્યા છે. નથી તેમને કાયાની દરકાર કે નથી તેમને દુનિયાની પડી.

માર્ગ ઉપર મુનિ ચાલ્યાં જતા હતા ત્યાં એક ખાંચામાંથી તગડી કાઢેલી ગાયેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટોળું દોડતું દોડતું એ બાજુ નીકળ્યું અને એક ગાયે મુનિને ટક્કે ચડાવ્યા. ગાયનો ધક્કો લાગવાથી મુનિ લથડી પડ્યા.

આ પ્રસંગ પણ બનવા કાળે વિશાખનંદીના મહેલની સામે જ બન્યો.

ચપળતા અને ઠઠ્ઠા–મશ્કરીથી ટેવાએલા વિશાખનંદીના હૃદયમાં મુનિ પ્રત્યે બહુમાન તો હતું જ નહિં, તેમાં ભૂતકાળની વાતોના સ્મરણથી તે ભાન પણ ગુમાવી બેઠો હતો. એટલે ભારેલા અગ્નિને ખોતરવા જેવું તેણે આ પ્રસંગે કર્યું.

વિશ્વભૂતિ મુનિને ઉદ્દેશીને તે બારીમાં બેઠો બેઠો બોલ્યો કે–" હે વિશ્વભૂને ! કયાં ગયું એ કોઠા પાડવાનું બળ ? આજ કેમ એક ગાયનો હડસેલો પણ ખમાતો નથી ? "

આ કટાક્ષ વચનો સાંભળીને ભારેલો અગ્નિ ભભૂકી ઉઠ્યો.

મુનિએ ઊંચું જોયું અને ખીખી કરીને હસતા વિશાખનંદી વગેરેને નીરખ્યા.

ભૂતકાળના ભૂલાઇ ગયેલા પ્રસંગો તાજા થયા.

મુનિના મનમાં વિશાખનંદી પ્રત્યે તીવ્ર ક્રોધ જાગૃત થયો. જેના કારણે પોતે સર્વસ્વનો ત્યાગ કર્યો છે–તે હજુ પણ કાંઇ લેવાદેવા નથી છતાં યે આમ ઉપહાસ કરે છે એ મુનિથી સહન ન થયું. તેમણે ફરીથી પોતાના બળનો સાક્ષાત્કાર કરાવ્યો. મુનિએ ગાયને પકડી રાખી. બે શિંગડા પકડીને ઊંચી કરી ભમાડીને આકાશમાં અદ્ધર ઊંચે ઉછાળી અને નીચે પડતી તેને ઝીલી લીધી.

વિશાખનંદી અને તેનો પરિવાર આંખ ફાડીને જોઇ રહ્યા. લોકો પણ એકઠા થઇ ગયા ને દૂર દૂર ઊભા રહીને સ્તબ્ધ બની જોવા લાગ્યા.

વિશાખનંદી પ્રત્યેના તીવ્ર કષાય સાથે મુનિ આગળ વધ્યા. જે સંયમધર્મ મુનિને કલ્યાણ માર્ગનું દર્શન કરાવતો હતો તેને આ કષાયે આવીને દૂર નસાડ્યો અને પોતે માર્ગદર્શક બની ગયો.

પોતાના અભીષ્ટ માર્ગ સિવાય બીજો માર્ગ એ બતાવે જ કેમ ? કષાયનો માર્ગ છે સંસારનો.

મુનિએ મનથી સંકલ્પ કર્યો કે જો મારા આ તપનું બળ હોય તો હું વિશાખનંદીને મારનાર થઉં. એ રીતે પ્રબળ બળથી દબાવેલા કષાયનો પ્રત્યાઘાત પડ્યો.

આઘાતો સહન કરવા એ કર્તવ્ય છે પણ તે સહન કરવાની સુન્દર કળા ન આવડે તો તે જ આઘાતોના પ્રત્યાઘાત એવા પડે છે કે જેના પરિણામ ભયંકર આવે છે.

એક કરોડ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મુનિ વિશ્વભૂતિ મહાશુક્ર વિમાનમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળા દેવ થયા.

પડેલા પ્રત્યાઘાતના પરિણામ કેવા આવે છે તે આગળ ઉપર જોઇશું. વિશ્વભૂતિ એ જ શ્રમણભગવાન્ મહાવીરનો આત્મા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નયસારનો ભવ કે કર્મસંગ્રામ ભૂમિકા ?

લેખક:—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી.

ચાલુ અવસર્પિણી કાળના ચોવીશ તીર્થંકરોના જીવન જોતાં સહજ જણાશે કે–એમાં જેમને વધુમાં વધુ સહન કરવું પડ્યું છે, ઉપસર્ગોની હારમાળામાંથી પસાર થવું પડ્યું છે અને અતિ લાંબા કાળ સુધી ભવભ્રમણમાં રોકાવું પડ્યું છે એવા જો કોઈ પણ હોય તો એ ભગવંત મહાવીર દેવ એક જ છે. આયુષ્ય અને દેહમાનની અલ્પતા જ્યારે સહનશક્તિની અધિકતા ! વિશેષ અજાયબીમાં તેમના સમયમાં સંખ્યાબંધ અચ્છેરા ! અને અતિશયતામાં દીક્ષાકાળે, કૈવલ્ય ટાણે અને નિર્વાણસમયે માત્ર એકલપણું ! !

નયસાર ભવના અંકથી આરંભાયેલ જીવન અવલોકતાં શ્રી સિદ્ધર્ષિ મહારાજકૃત 'ઉપમિતિ ભવપ્રપંચા કથા'ના પ્રસંગો નેત્રો સામે રમવા માંડે છે. સત્તાવીશ ભવનું સારું યે ચરિત્ર મુખ્યપણે કર્મરાજ સામેના સંગ્રામથી ભરેલું છે અને એમાં હાર–જીતના પલટાતા રંગો નિરખવાના ઘણા ઘણા યાદ રાખવા જેવા, બોધદાયક પ્રસંગો પ્રાપ્ત થાય છે. પંચમ કાળમાં વિષમ દશાસંપન્ન આપણા માટે તો ચરમ તીર્થપતિનું જીવન એ અરણ્યમાં લીલી જગા ( Oaseas ) જેવું છે. એ વિવિધવર્ણી ચરિત્રમાંથી તત્ત્વગવેષક માટે તત્વનો સંભાર, અધ્યાત્મના ઇચ્છુકને આત્મિક દૃષ્ટિ, દાતારને દાનની કળા, જ્યોતિષીને કે વૈદકીય જ્ઞાનના પિપાસુને ઉપયોગી સામગ્રી આદિ કંઇ કંઇ વાનગીઓથી એ ભરપૂર છે. 'જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ' સર્જવા સારુ પ્રભુ શ્રી મહાવીર દેવનું જીવન એ પૂર્ણ સામગ્રીવાળું ઉદ્દગમ સ્થાન છે.

આવી રહેલ મહાપર્વને ચક્ષુ સામે રાખી અહીં તો તેઓશ્રીએ જ્ઞાનાવરણી આદિ આઠ કર્મોમાં સમ્રાટ્ સમા મોહરાજ સાથે ખેલેલા દ્વંદ્વયુદ્ધ સંબંધી સામાન્ય વિચારણા કરવાની હોવાથી, એ નજરે કેટલાક બનાવો અવલોકીશું.

૧. ગ્રામચિંતકનું સામાન્ય જીવન–અરણ્ય પ્રદેશ. પરસેવો ઉતાર્યા પછી મધ્યાહ્ન વેળાનું ભોજન. 'પેટવરામાં પુન્યવરો' કરવાની ભાવના. 'મન ચંગા તો કથરોટમાં ગંગા' જેવો યોગ–માર્ગ ભૂલેલા સાધુનો સંયોગ–આહાર ગ્રહણ અર્થે વિનંતી. ભોજન-વિધિથી પરવાર્યા પછી નયસારનું મુનિને દ્રવ્યમાર્ગ બતાવી સાર્થ ભેગા કરવાપણું અને મુનિશ્રી તરફથી એને નમસ્કાર મંત્રના પ્રદાનમાં ભાવમાર્ગ બતાવવાપણું.

જ્ઞાનીભગવંતોએ ઉપરના બનાવ પર વિવેચન કરતાં કહ્યું છે કે–'એથી અનાદિકાળની દુર્ભેદ્યગ્રંથીનો છેદ થયો અને અપૂર્વ એવા સમ્યક્ત્વની પ્રાપ્તિ નયસારને થઈ. પ્રાપ્ત થયેલ મંત્રનું સ્મરણ એણે જીવનભર એકધારી શ્રદ્ધાથી ચાલુ રાખ્યું.

'સારા કામનાં મીઠાં ફળ' મુજબ મરણ પછી દેવભવની પ્રાપ્તિ થઇ. દેવતાઇ સુખોનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવ કરી ત્રીજા ભવે નયસારનો આત્મા શ્રીઋષભદેવના વંશમાં ભરતરાજને ઘેર મરીચિ નામા પુત્રપણે ઉપજ્યો. રાજ્ય મહાલયના સુખો મળ્યા.

સ્વર્ગ અને સંસારના પૌદ્‌ગલિક સુખો એ શુભ કરણીના ફળો ગણાય, છતાં એમાં કર્મરાજની છુપી આંટીઘુંટીનો પાર નથી. આત્માની પ્રગતિનો રોધ કરનાર એ પ્રલોભનો છે. યૌવનસુલભ સાહસથી સાંસારિક સુખોમાં ન લેપાતાં મરીચિએ પ્રવ્રજ્યા સ્વીકારી ધડાકો કર્યો. બાહ્ય નજરે એ અદ્‌ભૂત કામ લેખાય પણ જ્ઞાનીની નજરે એમાં ચોળ-મજીઠ જેવો પાકો રંગ ન હોવાથી, દાવ નિષ્ફળ ગયો એટલું જ નહીં પણ કાંઠે આવતું વહાણ ભરદરિયે ડૈલાણું ! મોહરાજનો વિજય થયો.

૨. ચક્રી ભરતેશ્વરને ત્યાં જન્મ અને પિતામહ ઋષભદેવ સમા તીર્થપતિ પાસે ભાગવતી દીક્ષાગ્રહણ. સોનું અને સુગંધ જેવો યોગ, પણ મરિચીથી એ ચારિત્રમાં ટકી ન શકાયું. લજ્જાથી પાછા ઘરમાં તો ન આવ્યા, રહ્યા પ્રભુના સાથમાં પણ 'ત્રિદંડી' નામા નવા વેશમાં ! રચના પાછળ રહસ્ય હતું છતાં કાળક્રમે એ લુપ્ત થયું અને વખતના વહેવા સાથે એમાંથી એક નવીન સંપ્રદાય ઊભો થયો.

તાર્કિકશિરોમણી શ્રી સિદ્ધસેન દિવાકરજીના શબ્દોમાં કહીએ તો એટલું જ કે-' હે પ્રભુ ! મેં તમોને યથાર્થ નિરખ્યા જ નથી, કદાચ કારણવશાત્ જોવાનું બન્યું હશે તો પણ માત્ર બાહ્ય સંજ્ઞાથી જ. નહિ તો એક વારનું પણ સાચું દર્શન આ રીતે ભવભ્રમણને ટકવા દે ખરું ? પારસમણિનો સ્પર્શ માત્ર લોખંડને સુવર્ણનો દેદાર અર્પે છે તો પછી, આપશ્રીના જંગમ કલ્પવૃક્ષ સમા દર્શનની તે શી વાત કરવી !' ભગવંત યુગાદીશનો સમાગમ મરિચીને ન જ ફળ્યો !

વિચારતાં સહજ સમજાશે કે-મોહરાજે મરિચી પર પીડનો ઘા કર્યો. સુખમાં ફાલવા દઇ એવો તો હડસેલો માર્યો કે અધઃપતનની ઊંડી ખાઇમાં એ ગબડી પડ્યો. સમયના ગાળામાં બાવીશ તીર્થપતિઓના શાસન પ્રવર્ત્તી ચૂક્યા ! નવિન વેશની રચના કરતાં વધુ માર માર્યો ઊંચા કુળના અહંકારે ! વાત સાચી છતાં એમાં મહતું ઝેર વ્યાપતા કડવી ઝેર બની ગઇ ! એમાં દારૂણ ઘા ચેલા એવા કપિલના પ્રશ્ન વેળા પડ્યો. કંચન ને કથીર કિંવા કાંકિણી ને રત્ન એક સરખા મૂલ્યવાન ન જ ગણાય, એ વહેવારુ સત્ય વીસરાયું અને 'ત્યાં પણ ( શ્રમણસમૂહમાં ) ધર્મ છે અને અહીં પણ ધર્મ છે' એવું કથન મરિચીએ કરી જીતની બાજી હારમાં ફેરવી નાંખી !

પછીના આઠ દશ ભવ સુધી ત્રિદંડી વેશની પલેવણા ચાલુ જ રહે છે. માનવ ભવ મળે. એ વેશમાં સંખ્યાબંધ વર્ષો વ્યતીત થાય. ફળરૂપે દેવ ભવ. વળી પાછી મનુષ્ય ગતિ-ઘાંચીના બેલ જેવું જીવન. જે કર્મે હરિ, હર અને મુરારી જેવાને ન છોડયા ત્યાં આ ઊગતા યોદ્ધાનું શું ગજું ? સંસારવૃદ્ધિ થઇ એટલે નવી નવી ફસામણ ઉંબરો ઠોકવા માંડે. એક સાંધતાં ત્રણ તૂટે. એમાં જોરદાર ધક્કો લાગ્યો. વિશ્વભૂતિના ભવમાં ! જીતવા ગયા છતાં જાતે જિતાયા !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. કેટલાયે કર્મને ખેરવ્યા પછી મહામુશીબતે આર્હત્ પ્રવ્રજ્યા પુનઃ ઉદયમાં આવી. કર્મોનું નિકંદન કરવા સારુ જ્ઞાનપૂર્વક તપ કરવાનો અવસર લાધ્યો. એવામાં કોણ જાણે કયાંથી પિત્રાઈ ભાઈનો મેળાપ થયો અને મશ્કરીનો પ્રસંગ બન્યો કે જેથી પ્રગતિનું મૂળ ખોદાઇ ગયું. ! કરી મહેનત ધૂળમાં મળી ગઇ ! ' ભણ્યો ભૂલે ' એ માફક તપના અજીરણ સમા મોહરાજના મહાન્ સુભટે–ક્રોધે–પલ્લો પકડયો ! મુનિજી ભાન ભૂલ્યા. બળવાન થવાનું નિયાણું કરી બેઠા. તપ જેવા આત્મિક ગુણોનો સોદો કરી બેઠા ! એથી વાસુદેવની ઋદ્ધિ–સિદ્ધિ સાંપડી પણ આત્મિક પ્રગતિનું તો દેવાળું નીકળી ગયું !

આપણા યુગમાં થયેલા શ્રીમદ્ રાજચંદ્રે ગાયું છે કે—

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો ?
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો;
એનો વિચાર નહીં, અહોહો ! એક પળ તમને હતો.

કવિની ઉપરોક્ત ઉક્તિ–નયસાર–મરિચી–વિશ્વભૂતિરૂપી ભવોમાં જૂદા જૂદા વેશ ભજવનાર આત્માના જીવનમાં રમતી બરાબર દૃષ્ટિગોચર થાય છે. સરલ ભૂમિનો જીવડો ગુરુસમાગમથી રબ્બરના દડા માફક ઉછળે છે. દેવતાઇ અને રાજશાહી સુખોને અનુભવે છે. કંઇક ડગલા આગળ ભરે ત્યાં તો અભિમાનમાં પછડાય છે અને શિષ્યના મોહથી ઉત્સૂત્ર-વચન વદવા સુધી પહોંચી જાય છે. એ કર્મગ્રંથીના વિપાક અનુભવતો, તપાદિના કષ્ટો વેઠતો, સંસારની વિટંબનાઓનો સામનો કરતો, કૂચ કરતો આગળ વધી રહેલ આત્મા એક વાર ફરીથી ભાગવતી દીક્ષાને પથિક બની જાય છે–માર્ગે આવે છે ત્યાં તો પૂર્વે જેમ 'ગોત્રના' મદે બાજી બગાડી મૂકી હતી, એમ અહીં 'બળના' મદે ગુલાંટ ખવડાવી અને બાજી ધૂળમાં મળી !

પ્રજાપતિ રાજા કે જેમણે કામના વિવશપણામાં વિવેકને વિસારી મૂકી સ્વપુત્રી મૃગાવતી સહ દંપતીભાવ શરૂ કર્યો હતો, તેની કૂખે મરિચી ભવમાં ઉપાર્જન કરેલા નીચ ગોત્રરૂપ કર્મનો વિપાક–સમય પરિપકવ થવાથી વિશ્વભૂતિના જીવે જન્મ લીધો. કર્મ-રાજાએ આ કંઇ જેવી તેવી મશ્કરી નથી કરી ! જ્ઞાની પુરુષો તેથી જ કર્મ બાંધતી વેળા વિચારવાનું કહે છે. આ ત્રિપૃષ્ઠ વાસુદેવનો ભવ હોવાથી, વળી પૂર્વે નિયાણું કરેલ હોવાથી અતુલ બળની પ્રાપ્તિ તો થઇ. સંસારમાં શૂરવીર કહેવાયા પણ અંતરંગ દૃષ્ટિથી જોનારને એ સહજમાં ભાસમાન થયું કે કર્મરાજે એવો મર્મનો ઘા આ જ વેળાયે માર્યો કે જેથી તેત્રીશ સાગરોપમ સમાન અતિ વિસ્તૃત સમયનું જ્યાં આયુષ્ય છે એવી સાતમી નરકભૂમિને વિષે ગમનયોગ્ય કર્મદળિયાં યાને ભાથું પણ અહીં જ ઉપાર્જન કર્યું. ત્રિખંડાધિપતિપણું, પ્રતિવાસુદેવ અને તેના સિંહને મારવાથી પ્રાપ્ત થયેલ બળાઢયપણાનો ગર્વ, બળદેવનો સધિયારો અને વિદ્યાધરો પર સ્વામીત્વપણું એ સુંદર દેખાતા, મ્હોટાઇ સૂચવતા, કીર્તિના કોટડા ગણાતા ઇંદ્રવારુણાઓએ ત્રિપૃષ્ઠને નયસાર ભવની સરળતા, શ્રદ્ધા અને મંત્ર પ્રત્યેનું બહુમાન કયારનું યે ભુલાવી દીધું હતું; તેના સ્થાને તો અહંપણું અને ગર્વિષ્ઠપણું સત્તા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમાવી રહ્યું હતું. શય્યાપાળ જેવાએ માત્ર ગાયનના રસમાં લીન બની વાસુદેવ નિદ્રાધીન થયા છતાં તેને બંધ ન રખાવવારૂપ એક જ ગુન્હો કર્યો પણ પ્રાતઃકાળમાં જેમ રામને રાજ્યને બદલે વનવાસ પ્રાપ્ત થયો તેમ તેને ગીતરસને બદલે તપેલા સીસાનો રસ કર્ણમાં મળ્યો કે જેનાથી પંચત્વની સહજ પ્રાપ્તિ થઇ. વાસુદેવ જેવા પ્રબળ સ્વામી સામે હોઠ પણ કોણ ફરકાવી શકે? ત્યાં પછી ન્યાયાન્યાયનું છણવાનું શી રીતે બને? તેમ છતાં આટલી શિક્ષા ઓછી ન હોય એમ સમજી ઉપરથી શબ્દપ્રહારોની નિવાપાંજલી–'અધમ, મારી આજ્ઞાનું ઉલ્લંઘન! લે હવે ચિરકાળ પર્યંત ગાયનનો રસ અનુભવ. વાસુદેવની આજ્ઞા ભંગ કરવાનું ફળ શું આવે છે તે પ્રત્યક્ષ જો.' વાચક! શાંત ચિત્તે વિચાર કર અને કેવો કર્મબંધ પડે છે તે વિચાર. શું આ વાત એ નથી સૂચવતી કે 'જેવી ગતિ એવી મતિ!' કર્મરાજે કેવા ઊંધા પાટા બંધાવ્યા છે!

૪. વાસુદેવના ભવમાં અનેક પાપો આચરી, આયુસ્થિતિ ખૂટી જતાં ત્યાંથી ધક્કો પડ્યો કે ભાઇશ્રી પાંચ સીધા સિધાવ્યા તમઃતમઃપ્રભા નામની સાતમી નરકભૂમિ પ્રતિ. કર્મરાજને તેમજ તેની આખી કેબીનેટને શાંતિ મળી. 'હવે નયસાર એવા ઊંડા પાણીમાં પડ્યો છે કે એનો ગજ વાગે તેમ નથી' એમ વિચારી એ ટોળકીએ ધીરજનો દમ ખેંચ્યો. કુદરતી વિજય પછી સાવચેતી નરમ પડે છે તેમ અત્રે પણ બન્યું. જો કે બાંધેલ કર્મોના પરિપાકરૂપે તેનાથી સહસ્રગણા દુઃખોનો અનુભવ કરવો પડ્યો છતાં તેનો પ્રતિકાર ભોગવ્યા સિવાય હતો જ નહિં. 'દુઃખનું ઓસડ દહાડા' એ ઉક્તિ અનુસાર એ લાંબો કાળ પણ વ્યતીત કર્યો. ઘણો ભાર હળવો કર્યો; તેમ થવાથી ભૂતકાળની ભૂલો માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો અને 'દૂધનો દાઝેલો છાશ પણ ફુંકીને પીવે' તેમ વિચારીને ડગલું ભરવાની ગાંઠ વાળી. જો કે ઉપરથી કર્મોની અસર ઘણી કમી થયેલી લાગી, છતાં જડમૂળથી તેનો નાશ નહોતો થયો કર્મરાજની પણ પૂર્વવત્ સખત દેખરેખ નહોતી. એ અવસરનો લાભ લઇ નયસારના જીવે થોડા ભવોમાં તો પાછી સરખાઇ લાવી મૂકી અને ચક્રીત્વપણાની રિદ્ધિ પણ પ્રાપ્ત કરી. ખરેખર! 'સાહસ વિના કાર્યસાધના ન જ બની શકે.' અહીં એક વાત પર મજબૂત રહી, મરિચીભવ કે વાસુદેવપણાની માફક ગર્વ કે અભિમાન ન આદરતાં એ વિપુલ સંપત્તિને ઠોકરે મારી દીક્ષા સ્વીકારી, તપ તપી, અંદર બાઝી રહેલ સત્તાના મૂળીયાં ઢીલા કરી નાંખ્યા. હવે જ કર્મરાજની આંખ ઊઘડી. જોયું તો રાજેશ્રી નયસાર તે સારો પ્રોગ્રેસ કરી ચૂકેલા નિરખ્યા! આ તરફ થોડું આગળ ચાલતાં નંદનશ્રેષ્ઠી ભવમાં પદસંચાર કર્યો. અહીં રાજેશ્વર મોહનીયે ઘણા ઘણા પ્રસ્તાવો રજૂ કરી, પ્રસંગો ઉપસ્થિત કરી પુનઃ સ્વાધિકાર જમાવવાને ફાંફાં માર્યાં પણ પરિણામ પથ્થર પર પાણી જેવું જ! અનુભવી નયસારના જીવે એ બધાને લાત મારી પ્રવજ્યા સ્વીકારી એટલું જ નહિં પણ ચિરપરિચિત શત્રુને સામનો કરતો નિહાળી તેને પરાસ્ત કરવા અર્થે કમર કસી. દારૂણ તપ તપ્યા અંગે અંગમાંથી કર્મરાજના દલિયાં વીંખી વીંખીને–શોધી શોધીને–ભસ્મસાત્ કરવા માંડ્યા સમભાવને જરા પણ ન વિસાર્યો. કર્મરાજે પતિત કરવા બહુયે ધમપછાડા માર્યા પણ તપની તીવ્રતા આગળ એ સર્વ વ્યર્થ ગયું. એનું પોતાનું જ બળ ઘટી ગયું. માત્ર થોડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિકાચિત કર્મોના પ્રદેશ સિવાય અન્ય સર્વ ભાગો પરથી સ્વવ્યક્તિત્વ નષ્ટ થયેલું દ્રષ્ટિગોચર થયું. '**कम्मे शूरा सो धम्मे शूरा**' એ આગમવચન અક્ષરશઃ સત્ય છે. જ્યાં નયસારના જીવે પોતાનું શું અને પારકું શું ? અથવા તો કયા આત્મિક ગુણો છે અને કયા બહારથી આવી કબજો કરી બેઠા છે ઈત્યાદિ સર્વનું લક્ષ્યપૂર્વક ચિંતવન કર્યું કે તરત જ કયે માર્ગે જવું અને કેવી રીતે ફસાવા વિના તે સર્વને હાંકી કાઢી આત્મિક સ્વરાજ્ય સંપાદન કરવું એ સકળ વસ્તુસ્થિતિ ધ્યાનમાં આવી ગઇ. એક જ નિશ્ચયથી આગળ વધવા માંડયું કે ગમે તેવા સંજોગોમાં પણ સમભાવ યા સમતાને ચૂકવી નહિં અને લક્ષ્ય સ્થાન જે જ્ઞાન–દર્શન–ચારિત્ર અથવા તો તેની પૂર્ણ સાધનારૂપ મોક્ષ તેને જરા પણ વિસ્મરણ ન થવા દેતાં તેમાં પ્રગતિ કર્યે જવી.

૫. કર્મરાજને હવે સચોટ લાગ્યું કે–નયસાર પોતાના કાબૂમાંથી છટકી ગયો–ખરી છક્કડ ખવડાવી ગયો. હજુ પણ ગફલતમાં રહ્યા તો ગ્રામચિંતકમાંથી આત્મચિંતક બની અલ્પ સમયમાં જ તે વિશ્વચિંતક બની જવાનો એટલે આપણા તો બાર જ વાગ્યા. આપણી વિરુદ્ધ, આપણા રાજ્ય અને આપણા છૂપા કામો પ્રતિ જરૂર તે લાલ ચક્ષુ રાખી, તેના સર્વ ગુપ્ત ભેદોને પ્રકાશમાં લાવી, અખિલ જગતમાં સખત બંડને જન્મ આપવાનો, આપણી સત્તાના પાયાને હચમચાવી નાંખવાનો, આ બધું બને તે અગાઉ હવે આપણા સર્વનું લક્ષ્ય તેના એકની પાછળ દોરવાની પૂરી જરૂર છે. મહારાજાધિરાજના હુકમનો અમલ થતાં શી વાર ? મોહનીયની આખી સેના નયસાર સામે સમરાંગણમાં ઉતરી પડી. અંતિમ યુદ્ધના વાજીંત્રો વાગ્યા. લડાઇને લાયક સ્થાન મનુષ્ય લોક નક્કી કરવામાં આવ્યું. આ તરફ નયસારનો જીવ પણ ત્વરિત ગતિએ માર્ગ કાપતો સુખરૂપ લાગતાં સોનાના બંધન તુલ્ય અને અંદરખાનેથી કર્મરાજના દબાયેલા એવા સ્વર્ગીય સુખોનો અંત લાવી ક્ષત્રીકુંડ નગરમાં સિદ્ધાર્થરાજને ત્યાં આવી પહોંચ્યો. ત્યાં તો અવશેષ સત્તાવાળા નીચ ગોત્રે રણશિંગડું ફૂંકયું, સામેથી સમભાવનો મક્કમ પડકાર થયો. બ્યાશી દિવસના યુદ્ધને છેડે કર્મરાજનો પરાજય થયો.

પ્રથમ વિજય મેળવી નયસારનો જીવ કેટલાયે વર્ષોના છેડે આજે વીર બન્યો. આ પદવી પ્રાપ્ત કરી જરૂર શોભાવી. આખરના યુદ્ધમાં તે કેવી રીતે ફાવી મહાવીર કહેવાયા તે જોઇએ. કર્મરાજે સર્વ પરિવાર સહિત માતૃસ્નેહરૂપે, પિતાના વ્હાલરૂપે, વળી મિત્રોની ક્રીડા નિમિત્તે અને નિશાળે ભણવા લઈ જવાના બ્હાને મીઠી ગોળી ગળાવવાના, બહુયે યત્નો સેવ્યા પણ હવે એ આત્મા મુગ્ધ કેમ બને ? કર્મરાજ પર પ્રભુત્વનો અભિલાષી ક્ષુદ્ર લાલચોમાં કેમ ફસાય ? એ બધાથી અલિપ્ત રહી તરી ગયા. યૌવન દશામાં પદસંચાર કરતાં જ માતાની અભિલાષાએ અને મોહનીય કર્મે સ્વદારારૂપે યુવતી યશોદાનો યોગ કરાવ્યો. તેમાં પણ સ્થિતિનો પરિપાક થાય ત્યાં સુધી અલિપ્ત ચિત્તે શ્રીવીર રહ્યા. પ્રિયદર્શના જેવી બાળાના કે નંદીવર્ધન જેવા ભ્રાતાના પ્રેમમાં ન્યૂનતા પડવા દીધા સિવાય સમય થતાં જ સ્વકાર્યનિષ્પત્તિ અર્થે સજ્જ થયા. આગારી મટી અણગાર થયા. મોહ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિડંબના ફોગટ ગઇ. 'હાર્યો જુગારી બમણું રમે' એ ન્યાયે જીવ પર આવેલા કર્મરાજે અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોરૂપી પાસા ફેંકવા માંડયા. મરણાંત કષ્ટો સુધી પહોંચાડયા. ગોવાળોને અને સંગમ દેવ જેવા અભવ્યોને ભયંકર કાર્યો કરવા ખડા કર્યા. સાડાબાર વર્ષના સમય દરમીઆન ન તો સુખે તેઓશ્રીએ નિદ્રા લીધી કે ક્ષણવાર સુખે બેઠા ! તેઓશ્રીને વિદિત હતું કે–આ અંતિમ લડાઇમાં કર્મરાજ પોતાનાથી બનતા એકેએક પ્રયત્ન કરવાનું ચૂકશે નહિં, નાની સરખી ભૂલનો લાભ પણ જરૂર લેશે માટે એમ થવાના નિમિત્ત-ભૂત જે આહાર, પ્રમાદ કે નિદ્રા તેને હું દાખલ થવા જ દઉં નહીં તો આપોઆપ તેના હાથ હેઠા પડશે. સમતા અને તપનું સેવન. 'આખા ૩૪૯ દિવસ પારણા.' સંગમ કે ચંડકોશિક અથવા ધણુ ઉગામનાર કે ખીલા ઠોકનાર એ સર્વે તેમના મતે કર્મરાજે ઊભા કરેલા ઓડારૂપ હતા. ખરા દોષી તે પોતે હતા; કેમકે તેવા વિપાકના હેતુ–ભૂત કાર્યો પૂર્વ ભવમાં જાતે કર્યા હતાં અને ઉપરથી રાચ્યા હતાં તેથી જ તેઓ સજ્જડ વળગ્યા હતાં, જેનો ભોગવ્યા સિવાય છૂટકારો ન જ હોય !

આત્મન્ ! સમભાવપૂર્વક ધીરજથી ભોગવ. એ બધું કરાવનાર ઉંધી બુદ્ધિ આપનાર આ કર્મરાજ છે માટે તેના ઉપર ત્હારાથી દમાય તેટલું દમ, એના નવીન પાશમાં રખે પડતો, આ મનસ્વી દશા હતી. કર્મરાજનો એક પણ પાસો સફળ ન થયો. પ્રતિકૂળ એવા સંગમાદિના અને અનુકૂળ એવા અપ્સરા આદિના પ્રયાસો વિફળ ગયા ! અનંતબળ હોવા છતાં પ્રભુ શ્રીવીરે સમતાપૂર્વક ઉઘાડી છાતીએ હર્ષપૂર્વક સર્વ સહન કર્યું. ન તો તે સામે મનમાં કંઇ વિચાર વાણીનો ઉચ્ચાર કે કાયાથી પ્રતિકાર કર્યો. સત્તાગત કર્મોને ખપાવી દીધા, નવીનને જરા માત્ર સંચરવા ન દીધા. અંતે જયશ્રી તેઓશ્રીને જ વરી.

એક સમયના નયસાર, બીજા સમયના ગર્વી મરિચી, ત્રીજી વેળાના અભિમાની ત્રિપૃષ્ઠ હવે કર્મસત્તા પર પ્રભુત્વ મેળવી '**વર્ધમાન**' અને '**વીર**' નામથી પ્રસિદ્ધ છતાં '**શ્રી મહાવીર**' બન્યા, '**શ્રમણ ભગવાન મહાવીર**' કહેવાયા. કર્મપ્રપંચમાંથી સદાને માટે મુક્ત બન્યા. ખરું જ કહ્યું છે કે—

विदारयति यत्कर्म तपसा च विराजते ।
तपोवीर्येण युक्तश्च तस्मात् वीर इति स्मृतः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૈયાવૃત્ય

લેખકઃ—પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**પર્યાય**—'વૈયાવૃત્ય' એ જૈનોનો પારિભાષિક શબ્દ છે. એનો સામાન્ય અર્થ 'શુશ્રૂષા' યાને 'સેવા' છે. 'વૈયાવૃત્ય' એ સંસ્કૃત શબ્દને બદલે એ જ અર્થમાં 'વૈયાપૃત્ય' એવો પણ સંસ્કૃત શબ્દ જોવાય છે. દા. ત. **પાઇયસદ્દમહણ્ણવ** (પૃ. ૧૦૨૪)માં 'વેયાવચ્ચ' અને 'વેયાવડિય' એ બે પાઇય શબ્દોના સંસ્કૃત સમીકરણ તરીકે 'વૈયાવૃત્ય'ના સાથેસાથે [1]'વૈયાપૃત્ય' શબ્દ પણ નોંધાયો છે. જૈનોના પાઇય સાહિત્યમાં 'વેયાવચ્ચ' તેમજ 'વેયાવડિય' એ બંને શબ્દો નજરે પડે છે, પરંતુ જેમ 'વૈયાવૃત્ય' શબ્દ વૈયાપૃત્યની અપેક્ષાએ વધારે વ્યાપક અને પ્રાચીન જણાય છે તેમ વેયાવચ્ચ એ વધારે પ્રાચીન હો યા ન પણ હો, પરંતુ વિશેષતઃ પ્રચલિત તો છે જ. એની એક સાબિતી એ છે કે સામાન્ય જૈન જનતા 'વૈયાવચ્ચ' જેવો શબ્દ ઉચ્ચારે છે. અલબત્ત, આ શબ્દને પાઇય ભાષામાં સ્થાન નથી; આ તો અપભ્રષ્ટ ઉચ્ચારદ્વારા એને અપાયેલું ગુજરાતી સ્વરૂપ છે.

**પ્રાચીનતા**—'વૈયાવૃત્ય' શબ્દ વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ **તત્ત્વાર્થાધિગમસૂત્ર**-( અ. ૯, સૂ. ૨૦ )માં વાપર્યો છે. આમ આ શબ્દ લગભગ બે હજાર વર્ષ જેટલો પ્રાચીન છે. 'વૈયાપૃત્ય' શબ્દ ક્યારથી પ્રચારમાં આવ્યો છે તેની તપાસ કરવી બાકી રહે છે. 'વેયાવચ્ચ' શબ્દ **નાયાધમ્મકહા**ના 'મલ્લિ' નામના આઠમા અજ્ઝયણમાં સુત્ત ૬૪ માં પત્ર ૧૨૨અ માં જોવાય છે. એવી રીતે વેયાવચ્ચના પર્યાયરૂપ 'વેયાવડિય' શબ્દ આ છઠ્ઠા અંગના ૩૦મા સુત્ત ( પત્ર ૭૫આ )માં નજરે પડે છે. આમ 'વેયાવચ્ચ' અને 'વેયાવડિય' એ બે શબ્દો તો છેક લગભગ પચ્ચીસ સો વર્ષ જેટલા પ્રાચીન છે.

**શબ્દ-સિદ્ધિ અને અર્થ**—ઉપર્યુક્ત **તત્ત્વાર્થસૂત્ર**( અ. ૯, સૂ. ૨૪ ) ના સ્વોપજ્ઞ ભાષ્ય( પૃ. ૨૫૬ )માં 'વૈયાવૃત્ય'ને અંગે નીચે મુજબ ઉલ્લેખ છેઃ—

**"व्यावृत्तभावो वैयावृत्त्यमिति व्यावृत्तकर्म वा"**

સિદ્ધસેનગણિએ આ ઉપરની ટીકા( પૃ. ૨૫૬ )માં આને અંગે નીચે મુજબ સ્પષ્ટીકરણ આપ્યું છેઃ—

**"व्यावृत्तः—व्यापारप्रवृत्तः, प्रवचनचोदितक्रियाविशेषानुष्ठानपरः, तस्य यो भावः-तथाभवनं तथा परिणामस्तद् वैयावृत्त्यम्। व्यावृत्तकर्म वेति। तथाभूतस्य यत् कर्म क्रियते तद् वैयावृत्यम्। पूर्वत्र क्रियाक्रियावतोः प्राधान्यम्, उत्तरत्र क्रियाया इति।"**

---

૧ પ્રો. એન. વી. વૈદ્યે **નાયા૦**(અ૦ ૮)ગત 'વેયાવચ્ચ' માટે 'વૈયાપૃત્ય' સમીકરણ આપ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાની મતલબ એ છે કે-પ્રવચનમાં નિર્દેશેલ ક્રિયાકૃત અનુષ્ઠાનમાં તત્પર વ્યક્તિનો પરિણામ અથવા તો એ પરિણામવાળી વ્યક્તિ જે કાર્ય-પ્રવૃત્તિ કરે તે 'વૈયાવૃત્ત્ય' છે.

દિગંબર આચાર્ય અકલંકે **तत्त्वार्थराजवार्तिक** અને એના ઉપરની સ્વોપજ્ઞ વ્યાખ્યામાં અનુક્રમે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે.

**"व्यावृत्तस्य भावः कर्म च वैयावृत्त्यम्"**

**"कामचेष्टया द्रव्यान्तरेण वा व्यावृत्तस्य भावः कर्म वा वैयावृत्त्यमित्युच्यते।"**

'વૈયાવૃત્ત્ય' માટે **"व्यापृतस्य भावः कर्म वा वैयापृत्त्यम्"** એમ કહી શકાય. 'વ્યાપૃત' એટલે વ્યાપારથી યુક્ત, આમ આનો સીધો અર્થ છે.

**પ્રકાર**—ત૦ સૂ૦( અ. ૯, સૂ. ૧૯-૨૦ )માં તપના બાહ્ય અને અભ્યંતર એ બે પ્રકાર સૂચવી એ પ્રત્યેકના છ છ ઉપપ્રકાર દર્શાવાયા છે. તેમાં આભ્યંતર તપના એક ઉપપ્રકાર તરીકે 'વૈયાવૃત્ત્ય'નો ઉલ્લેખ છે. તેમ એ સંવર તેમજ નિર્જરાના ઉપાયરૂપ છે. જેમાં શારીરિક ક્રિયાની મુખ્યતા હોય અને જે બાહ્ય દ્રવ્યની અપેક્ષા રાખતું હોવાથી બીજાઓને ઝટ લક્ષ્યમાં આવે છે એ 'બાહ્ય તપ' છે, જ્યારે 'આભ્યંતર તપ' એથી વિપરીત સ્વરૂપવાળું છે. એમાં માનસિક ક્રિયાની મુખ્યતા છે. આ પ્રમાણેના લક્ષણથી યુક્ત આભ્યંતર તપનો એક પ્રકાર તે "વૈયાવૃત્ત્ય" છે અને એ સેવારૂપ હોવાથી સેવા કરવા લાયક વ્યક્તિના—સેવ્યના દસ પ્રકારને ઉદ્દેશીને એના પણ પ્રકારો ત૦ સૂ૦( અ૦ ૯, સૂ૦ ૨૪ )માં સૂચવાયા છે. આમાં સેવાપાત્ર વ્યક્તિઓ તરીકે નીચે મુજબનો ઉલ્લેખ છેઃ—

( ૧ ) આચાર્ય, ( ૨ ) ઉપાધ્યાય, ( ૩ ) તપસ્વી, ( ૪ ) શૈક્ષક યાને નવદીક્ષિત હોઇ શિક્ષણ મેળવવાને ઉમેદવાર, ( ૫ ) ગ્લાન યાને રોગ વગેરેથી પીડિત, ( ૬ ) ગણ, ( ૭ ) કુળ, ( ૮ ) ( ધર્મના અનુયાયીઓ રૂપ ) સંઘ, ( ૯ ) સાધુ અને ( ૧૦ ) સમનોજ્ઞ એટલે જ્ઞાનાદિ ગુણોવડે સમાન-સમાનશીલ ( વ્યક્તિ ).

ભિન્ન ભિન્ન આચાર્યોના જે શિષ્યો પરસ્પર સહાધ્યાયી હોઇ સમાન વાચનાવાળા હોય તેમનો સમુદાય 'ગણ' કહેવાય છે, જ્યારે એક જ દીક્ષાચાર્યનો શિષ્ય સમુદાય તે 'કુળ' કહેવાય છે.

આચાર્યના ( ૧ ) પ્રવ્રાજક, (૨ ) દિગાચાર્ય ( ૩ ) શ્રુતોદ્દેષ્ટા, ( ૪ ) શ્રુતસમુદ્દેષ્ટા અને ( ૫ ) આમ્નાયવાચક એમ પાંચ પ્રકાર છે.[1] આ પાંચે પ્રકારના આચાર્યથી માંડીને સમનોજ્ઞ સુધીના દસેના વૈયાવૃત્ય એ વૈયાવૃત્ત્યના દસ પ્રકાર છે.

ત૦ સૂ૦( અ૦ ૯, સૂ૦ ૨૪ )ના ભાષ્ય( પૃ. ૨૫૮ )માં કહ્યું છે કે-આચાર્યાદિ દસના ઉપર અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર, [2]પ્રતિશ્રય, પીઠફલક, સંસ્તાર ઇત્યાદિ ધર્મસાધનો-વડે ઉપકાર કરવો તે તેમજ એમની વિશ્રામણાદિક શુશ્રૂષા, એઓ માંદા હોય ત્યારે એમને

૧ જુઓ ત૦ સૂ૦( અ૦ ૯, સૂ૦ ૨૪ )ની સિદ્ધસેનીય ટીકા ( પૃ. ૨૫૬ ).
૨ નિવાસસ્થાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓસડ પૂરું પાડવું તેમજ અરણ્યમાં વિષમ દુર્ગમ અને જ્વરાદિના ઉપસર્ગના પ્રસંગે એમનું રક્ષણ કરવું તે 'વૈયાવૃત્ય' છે.

**મહત્ત્વ—નાયા૦**માં **મલ્લિનાથના** અધિકાર( સુત્ર ૬૪ )માં તીર્થંકરપણું પ્રાપ્ત કરાવનારાં જે વીસ કારણો ગણાવાયાં છે તેમાં 'વેયાવચ્ચ'નો ઉલ્લેખ છે.[1] એનો ક્રમાંક સોળમો છે. આ પ્રમાણે જ્યારે વૈયાવૃત્ય કરવાથી તીર્થંકર જેવું અદ્વિતીય પદ મળે તો પછી એના મહત્ત્વ વિષે કહેવું જ શું ? વિવિધ વિષયોને અંગે પ્રૌઢ ગ્રંથ રચનારા હરિભદ્રસૂરિએ "**वेयावच्चगराणं**"થી શરૂ થતું સુત્ત રજૂ કરી એની વ્યાખ્યા **લલિતવિસ્તરા**( પત્ર ૧૧૩અ )માં કરી છે. આ સુત્તદ્વારા જે દેવોને ઉદ્દેશીને કાયોત્સર્ગ કરાય છે તેમને 'વૈયાવૃત્યકર' કહ્યા છે. આથી પણ વૈયાવૃત્યનું મહત્ત્વ ફલિત થાય છે. **ભરત** શ્રમણોનું અન્નપાનદ્વારા વૈયાવૃત્ય કરી ચક્રવર્તી બન્યા યાને એ શ્રમણોનું વિશ્રામણાદ્વારા વૈયાવૃત્ય કરી **બાહુબલિએ** ઉત્કૃષ્ટ બળ મેળવ્યું એ પણ અહીં વિચારવું.

**ઉદાહરણ—નાયા૦** માં પાંચમા **અજ્ઝયણ**માં **સેલગ( શૈલક )** રાજર્ષિનો વૃત્તાંત છે. એઓ પ્રમત્ત અને કુશીલ બન્યા છતાં **પંથગ( પંથક )**ને એમનું વૈયાવૃત્ય કરવાનું કાર્ય ભળાવાયું હતું અને એનું આગળ જતાં એ શુભ પરિણામ આવ્યું કે એઓ પાછા સન્માર્ગે વળ્યા.

પુષ્પચૂલા નામની સાધ્વીએ સર્વજ્ઞ બનવા છતાં પોતાના અશક્ત ગુરુ **અર્ણિકાપુત્ર**નું વૈયાવૃત્ય કર્યું. એ પણ એક રીતે વૈયાવૃત્યના મહત્ત્વનું દ્યોતક ગણાય. શુભશીલગણિએ વિ. સં. ૧૫૦૯ માં રચેલી **ભરતેશ્વર-બાહુબલિ-વૃત્તિ**( ભા. ૧, પત્ર ૪૯ )માં કહ્યું છે કે ગુરુનું વૈયાવૃત્ય ખૂબ જ કરવાથી **પુષ્પચૂલા**ને કેવલજ્ઞાન થયું.

વૈયાવૃત્ય કરનારમાં **નંદિષેણ**નું વૈયાવૃત્ય બેનમૂન નમૂનો ગણાય છે. **એમની કથા** ઉપર્યુક્ત વૃત્તિ( ભા. ૧, પત્ર ૮૨અ-૮૪આ )માં છે. આમાં **નંદિષેણ**ને નાના મોટા સાધુઓનું વૈયાવૃત્ય કરનારા અને દેવની પરીક્ષામાં ઉત્તીર્ણ થનારા તરીકે આલેખ્યા છે. ઉત્તરવર્તી ભવ તરીકે શ્રી કૃષ્ણના પિતા **વસુદેવ**ના ભવનો નિર્દેશ છે.

**ઉપકાર અને અપકાર—**શતમુખી પ્રતિભાશાળી અને સમભાવભાવી હરિભદ્રસૂરિએ **ધમ્મસંગહણી**ની ૯૯૫ મી ગાથામાં વૈયાવૃત્ય( પા. વેયાવડિય )ને અંગે ઉપકાર અને અપકારની બાબત વિચારી છે. સ્પષ્ટ શબ્દોમાં કહું તો આચાર્યાદિનું વૈયાવૃત્ય કરાતાં સ્વાધ્યાયની વૃદ્ધિ અને જીવોપદેશ જેવાં કાર્ય થાય છે. અને વૈયાવૃત્ય ન કરાય તો શક્તિનો હ્રાસ અને શ્લેષ્મનો સંચય થાય છે. વળી વૈયાવૃત્ય કરવાથી પોતાના આત્મા ઉપર ઉપકાર થાય છે, કેમકે ગુરુ વગેરેની પ્રવૃત્તિ શુભ રહેતાં નિર્જરા થાય છે, અને વૈયાવૃત્ય ન કરનારને આ લાભ મળતો નથી એટલે એની જાતને એ અપકારરૂપ છે.

૧ ઉત્તરજ્ઝયણ( અ૦ ૨૯ )માં કહ્યું છે કે વૈયાવૃત્ય ( વેયાવચ્ચ ) કરવાથી તીર્થંકરનામકર્મ બંધાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્વાધિરાજ શા માટે કહેવાય છે?

(લેખકઃ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

સંસારમાં માનવનો સ્વભાવ એવો હોય છે કે, સામાન્ય જીવન કરતા કાંઇક વિશેષ જીવનનો પ્રસંગ ઉપસ્થિત થતાં તેનો ઉલ્લાસ કાંઇક વધે છે. રોજ સાદું જમણ જમે છે પણ જ્યારે સ્વાદિષ્ટ અને મિષ્ટ ભોજન થાય છે ત્યારે તે કાંઇક આનંદ અનુભવે છે. જમણ વખતે પાટલા, મોટા થાળ, વિશિષ્ટ શોભા, સુગંધના સાધનો અને કદાચિત ગાયન-વાદન જેવું ઉત્તેજક વાતાવરણ નિર્માણ કરવામાં આવે છે. અને વિશિષ્ટ રીતે સુખ અને આનંદનો અનુભવ લેવાનો તે પ્રયત્ન કરે છે. તહેવારો અને પર્વોનો હેતુ પણ એ જ જણાય છે. પર્વને દિવસે સામાન્ય વ્યવહારથી નિવૃત્તિ મેળવી સ્નાન, કેશભૂષા, વસ્ત્રભૂષા, અલંકાર વિગેરે ધારણ કરવામાં તેને આનંદ આવે છે. એટલા માટે જ યુગપુરુષોના જન્મ કે મુક્તિ દિનોને પર્વનું રૂપ અપાઇ ગયું છે. ઋતુ બદલવાની કે નિસર્ગમાં વિશિષ્ટ ફેરફાર થવાના દિવસને પણ પર્વ ગણવામાં આવે છે. રાજકીય ક્ષેત્રમાં પણ વિશિષ્ટ ઘટનાના દિવસોને તેવું જ મહત્ત્વ આપવા માટે પ્રયત્ન થાય છે. વ્યક્તિના જીવનમાં પણ લગ્ન, પુત્રજન્મ વિગેરે પ્રસંગોપાત કૌટુંબિક કે વ્યક્તિવિષયક આનંદ માણવાના પ્રસંગને પણ પર્વ જેવું રૂપ આપી દેવામાં આવે છે. કેટલાએક પર્વોનો હેતુ શું છે? તે દિવસે કરવાની અમુક ક્રિયાનો હેતુ શું છે? એનું ભાન પણ ભૂલાઇ ગએલું હોય છે. મૂળ હેતુનો બોધ ભૂલાઇ જવાને લીધે ફક્ત બાહ્ય કલેવરને જ લોકો અભાવિતપણે વળગી બેઠેલા હોય છે. વૈદિક

---

**વિવેકબુદ્ધિ**—વૈયાવૃત્ય જેવી તેવી રીતે કે જેવા તેવાનું કરાય તે ઉચિત નથી, નહિ તો 'વૈનયિક' વાદના સ્વીકારનો પ્રસંગ પ્રાપ્ત થાય. આ હકીકત ઉપર્યુક્ત ૯૯૫ મી ગાથામાં અપાઇ છે.

**દસવેયાલિય** (અ૦ ૩, ગા. ૬)માં નિર્ગ્રન્થોને ગૃહસ્થોનું વૈયાવૃત્ય (પા. વેયાવડિય) કરવાનો નિષેધ કરાયો છે.

**નિર્દેશ-ઉત્તરજ્ઝયણ**ના અ૦ ૨૯ માં જેમ 'વેયાવચ્ચ' શબ્દ છે તેમ એના અ. ૧૨ માં 'વેયાવડિય' શબ્દ છે. વિશેષમાં અ. ૧૨ માં યક્ષો ઋષિનું વૈયાવૃત્ય કરે છે એ વાત છે. આ વૈયાવૃત્યને અંગે **પંચાસગ, પવયણસારુદ્ધાર** વગેરેમાં નિરૂપણ છે. આધુનિક કૃતિઓ પૈકી **અભિધાનરાજેન્દ્ર**માં એનું વિસ્તારથી કથન કરાયું છે. એમાં "ભાષ્ય"-ની અનેક ગાથાઓ અપાઇ છે.

પર્યુષણ-પર્વ એ આત્માની ઉન્નતિ સાધવાનો એક અનુપમ અવસર છે તો એ વેળા "વૈયાવૃત્ય"ને જીવનમાં સ્થાન આપવા જેવું છે એટલું સંક્ષેપમાં સૂચવવા મેં આ નમ્ર પ્રયાસ કર્યો છે, એટલે નિર્દેશ કરી હું વિરમું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક પર્વોમાં એવા કેટલાએક પર્વો ચાલે છે કે, તેનો મૂળ હેતુ, સિદ્ધાંત કે આચાર પણ લોકો ભૂલી ગએલા છે. ફક્ત પરંપરાને વશ થઇ પર્વો પળાયે જાય છે. અને એને લીધે જ નવવિચારક બુદ્ધિવાદી લોકો તેને નિરુપયોગી કહી વખોડી કાઢે છે ! વાસ્તવિક રીતે તેની શોધ કરવામાં આવે તો તેમાં કાંઇ ને કાંઇ રહસ્ય જોવામાં આવે છે જ. કેટલાએક રિવાજો આરોગ્યને પોષક હોય છે તેમ કેટલાએક વિજ્ઞાન સમજાવનારા હોય છે. એ બધા ગમે તે કારણે પર્વો અને તહેવારો ગણાતા હોય તો પણ તેમાં આત્માના ગુણનો વિકાસ કરનારા કેટલા છે અને ઐહિક ઉત્કર્ષ કે સંસારને પોષક કેટલા છે તેનો વિચાર કરવાની જરૂર છે.

જગતના બધા સમારોહો અને ઉત્સવો, ખાનપાન અને મોજશોખના રિવાજો પાછળ શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિ એ ત્રિપુટીની સાધનાનો હેતુ રહેલો છે એ સ્પષ્ટ જણાય છે. ત્યારે એ વસ્તુ સાધ્ય થાય છે કે કેમ એનો આપણે વિચાર કરીએ. આત્માને શાંતિ મળતી હોય તો જ સાચી શાંતિ મળી ગણાય. ત્યારે મનને સંતુષ્ટતા થતી હોય અને મનને આનંદ આવતો હોય તો જ તે તુષ્ટિ કહેવાય. તેમજ શરીરને પુષ્ટિ આવતી હોય તો તે સાચી પુષ્ટિ ગણાય. આવા પર્વોથી આ બધું થાય છે શું ? સાચી શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિ મળે છે શું ?

મિષ્ટાન્ન જમવા જ્યારે મનુષ્ય બેસે છે અને વધુ ખવાય તેવું વાતાવરણ સર્જવામાં આવેલું હોય છે ત્યારે સ્વાભાવિક રીતે અતિરિક્ત આહાર ખવાઇ જ જાય છે. પોતાની પ્રકૃતિને તે કેટલું માફક આવે છે એનો કોઇ ભાગ્યે જ વિચાર કરે છે. પરિણામે સુસ્તી વધે છે અને કેટલાએક આવશ્યક કાર્યો પણ મૂકી દેવાનું મન થાય છે. પ્રસંગોપાત અજીર્ણાદિ વ્યાધિઓના પણ ભોગ થવું પડે છે. મનોરંજન તો ઘણા ભાગે વિકારપોષક જ કરવામાં આવે છે. ત્યારે તે તુષ્ટિકારક હોવાનો સંભવ ઘણો જ ઓછો હોય છે. આત્માની શાંતિની વાત જ કયાં રહી ? જે પર્વમાં ધર્માચાર, ધર્મારાધના, તપ, સંયમ અને ત્યાગની માત્રા જ ગૌણરૂપે હોય ત્યાં આત્માની શાંતિ કયાંથી મળે ? ત્યારે બધી રીતે જોતાં શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિ એના સાચા સ્વરૂપમાં પ્રાપ્ત કરવામાં આ પર્વની ઉજવણીમાં કેવળ ગૌણ-રૂપે જ રહી જવાથી નિરુપયોગી નિવડે છે. બીજા અનેક હેતુઓ એમાં સાધ્ય થતા હોય, ઐહિક દૃષ્ટિથી તેમાં લાભ થતા હોય તો પણ આત્મિક શાંતિનું તે સાધન થઇ શકતું નથી એ દીવા જેવી સ્પષ્ટ વાત છે. ત્યારે સાચી શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિ કયાંથી મેળવી શકાય અને એકી સાથે ત્રણે પ્રકારના સમાધાન શી રીતે અને કયા પર્વના આરાધનથી મળી શકે તેનો આપણે વિચાર કરીએ.

જૈનશાસ્ત્રકારોએ જેટલા ધાર્મિક તહેવારો નિર્માણ કર્યા છે તેટલા બધાઓમાં નિવૃત્તિ-ને જ મુખ્યતા આપેલી છે. દરેક માસમાં આવતી ચૌદસ, આઠમ આદિ પર્વતિથિઓના દિવસોમાં મનઃસંયમ પાળી આહારનો સંકોચ અને સાદાઇને મહત્વ આપવામાં આવે છે. તેમાંથી કેટલી વસ્તુઓ અનાયાસે સધાય છે એ જોઇએ ત્યારે જૈનશાસ્ત્રકારોની દીર્ઘદૃષ્ટિ અને આત્માને સંવેગ સન્મુખ કરવાની તાલાવેલી તરી આવે છે. મનુષ્યને મિષ્ટ અને અતિરિક્ત અન્ન સેવન કરી પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેવાની સ્વાભાવિક રીતે ટેવ જ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંઈ ને કાંઈ નિમિત્ત શોધી મિષ્ટાન્ન જમવાને એને ટેવ જ પડેલી હોય છે. ઈંદ્રિયોને છૂટી મૂકી એની આકાંક્ષાઓને પૂર્ણ કરવા તે પ્રયત્નશીલ રહે છે. કમાણી કરી તે ભોગવવાના અનેક સૂક્તાસૂક્ત માર્ગો તે શોધતો જ રહે છે. ભોગેચ્છા વધતા સાચો આત્મિક લાભ મળવા સંભવ જ નથી. એ બધો વિચાર કરતા ભોગેચ્છા ઉપર કાપ મૂકવાના કેટલી અગત્ય છે તે સ્પષ્ટ જણાય છે. શરીરમાં અનેક રીતે આરોગ્ય-વિઘાતક તત્ત્વો દાખલ થયા જ કરે છે અને તેથી સ્વાસ્થ્ય બગાડતી અનેક વ્યાધિઓના ભોગ થવાય છે તેટલા માટે જ શરીરમાંનો કચરો દૂર કરી, શરીર નિરોગી રાખી, તેની પાસેથી અનેક શુભ કાર્યો કરાવી લઈ, શરીર પામવાનો મૂળ હેતુ સફળ કરવાની જરૂર હોવાને લીધે જ જૈન શાસ્ત્રકારોએ તપ સંયમને આગળ કરી આચારો અને વિધાનોની ગોઠવણ કરેલી જણાય છે. તેને અનુસરી શુદ્ધ આચાર પાળવામાં આવે તો આ શરીરરૂપી વાહનનો સદુપયોગ કરેલો ગણાય. હવે પર્યુષણ પર્વમાં એ બધા હેતુઓ શી રીતે સધાય છે અને એ પર્વ પર્વાધિરાજનું બિરુદ શી રીતે ધારણ કરી શકે છે એનો આપણે વિચાર કરીએ.

પર્વાધિરાજ પજુસણ પર્વ શ્રાવણના અંતભાગમાં અને ભાદ્રપદના પ્રારંભમાં આવે છે. એ સમય એવો હોય છે કે-પૃથ્વી શસ્યશ્યામલા અને ધાન્યસમૃદ્ધ બની ગએલી હોય છે. વર્ષાઋતુ શીતલતા પસારી પોતાની વૃષ્ટિનું કાર્ય કાંઈક મંદ કરી નાખે છે. કાંઈક નિવૃત્તિનું જીવન બધે જણાય છે. જઠરાગ્નિ કાંઈક મંદતા ધારણ કરે છે. મતલબ કે, તપ કરવા માટે એ સમય અત્યંત અનુકૂલ હોય છે. અતિરિક્ત કે અનાનુકૂલ આહારથી શરીરમાં થએલ બગાડ મટાડવા માટે તપ જેવો બીજો ઉત્તમ એવો કોઈ ઉપાય નથી. આરોગ્ય અને શારીરિક દૃષ્ટિથી આ શુદ્ધિ અનાયાસે સધાય છે પણ આત્મિક સમાધાન, ઉપવાસ એટલે આત્માના કાંઈક નજીક વસવાનો લાભ એ મુખ્ય વસ્તુ એમાં રહેલી છે. સામાન્ય રીતે આપણી બધી પ્રવૃત્તિ બહિર્મુખ એટલે જડને પોષવાની હોય છે, પણ આ પ્રસંગે આપણને અંતર્મુખ દૃષ્ટિની કાંઈક ઝાંખી થાય છે. આપણું શરીર તો આપણે કાંઈક કર્મ કરી મેળવેલું વાહન છે. તે વાહનનો વધુમાં વધુ સારો ઉપયોગ કરી લેવાની જાણે આ તક જ આપણા માટે એ પર્વના નિમિત્તે ઉત્પન્ન થએલી હોય છે.

જિનમંદિરમાં પૂજા, ભક્તિ, ઉત્સવ વિગેરે સાધનોથી આનંદમંગલ ચાલી રહેલો હોય, ઉપાશ્રયમાં સાધુ મુનિરાજ પાસે સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, દેવવંદન જેવી યોગમાર્ગની આત્મસન્મુખ ક્રિયાઓ થતી હોય, સાધુના વિશુદ્ધ આચારોનું કથન કરતું કલ્પસૂત્ર જેવું સાત્વિક ભાવનોદ્દીપક સૂત્ર વંચાતું હોય, બાલકોથી તે વૃદ્ધ બધા જ સ્ત્રી પુરુષોની ભાવનાને વેગ મળતો હોય એવે વખતે ખાણીપીણી અગર મોજમજાહને કયાં સ્થાન હોય ? આત્મિક સાત્વિક આનંદ આગળ બધા આનંદ ગૌણ જ થઈ જાય. એકાદ ભોજન છોડવા પણ જેને ભારે થઈ પડે તેવા આત્માઓ સ્હેજે ઉપવાસ કે છઠ્ઠ અઠ્ઠમ જેવા તપ જોતજોતામાં કરવામાં આનંદ અનુભવે છે. આ બધા કાર્યોની અને અનુષ્ઠાનોની યોજના ઘડનારા મહાન્ યોજક સંતોને જેટલા ધન્યવાદ આપીએ, તેટલા ઓછા જ કહેવાય. પ્રતિક્રમણમાં ગોઠવેલ સૂત્રરચના અને ષડાવશ્યકની જરૂર વિચારવામાં આવે છે ત્યારે તો જૈનાચાર્યોની જન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્યાણની તાલાવેલી અને વિશુદ્ધ શાસ્ત્રયોજના જોઇ સ્વાભાવિક રીતે જ એમના ચરણે નતમસ્તક થઇ જવાય છે. એથી પણ આગળ વધી બીજી યોજનાઓ શી છે તેનો આપણે વિચાર કરીએ.

પર્યુષણ પર્વમાં આપણા સ્વધર્મી બંધુ ભગિનીઓ માટે વાત્સલ્યભાવ બતાવવાની યોજના ખરેખર અત્યંત ઉચ્ચ કક્ષાની છે. જૈનસમાજમાં ઐકય સંગઠન વધે અને પરસ્પર પ્રેમભાવ વધતો જાય અને જૈનધર્મ અને સંઘનું ગૌરવ વધે એવી આ યોજના માટે જેટલો ઊંડો વિચાર કરીએ તેટલો તેમાં ગંભીર અર્થ ભરેલો જણાય છે. આપણે સાધર્મિક વાત્સલ્યનો ફક્ત ભોજન કરાવવા જેટલો ટૂંકો અર્થ કરી મૂળ હેતુ ભૂલી જઇએ છીએ. વાસ્તવિક જોતાં આખા સમાજનું બધી રીતે નિરીક્ષણ કરી આપણા કોઇ બંધુભગિનીની શું આવશ્યકતા છે ? કયાં ઊણપ છે ? આપણા બંધુઓનું શું દુઃખ છે ? એનો આપણે વિચાર કરી તે દૂર કરી સમાજને સમૃદ્ધ કરવાનો પ્રયત્ન યથાશકિત કરીએ એમાં જ સાચો વાત્સલ્ય ભાવ પ્રગટ થઇ શકે. એકાદ વખત માટે મિષ્ટાન્ન ભોજન જમવાથી કે જમાડવાથી સાચા વાત્સલ્ય ભાવની પૂર્તિ થઇ શકતી નથી એ બાબત આપણા વિચારને વેગ આપવાની ખાસ જરૂર છે આ સ્વામીવચ્છલનો અર્થ સાચા રૂપમાં સમજી પ્રવૃત્તિ કરવામાં આવે તો શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિ પણ સધાય એમાં શંકા નથી. યોજકના હૃદયના સાચા ભાવને આપણે નહીં સમજતા ખોટો અર્થ કરી ખોટું સમાધાન મેળવવાનો પ્રયત્ન કરીએ એથી કાર્ય સરે તેમ નથી. હાલમાં જૈન કોમને મૂઝવતો મધ્યમ વર્ગની કફોડી સ્થિતિનો પ્રશ્ન આ સ્વામીવચ્છલની ભાવના તેના સાચા રૂપમાં સમજવામાં આવશે તો સ્હેજે છૂટી શકે તેમ છે.

પર્વાધિરાજના કલશ સમાન સંવત્સરીનું પર્વ છે. કોઇ પણ ધર્મમાં આવી સુંદર યોજના જોવામાં નથી આવતી. બંધુ ભગિનીઓએ આપસમાં પરસ્પરને ખમાવવું અને ગઇ ગુજરી કરી ક્ષમા આપવી અને લેવી, મનનો મેલ દૂર કરવો, એના જેવી વિશુદ્ધ ભાવના બીજી હોઇ શકે જ નહીં. જેની સાથે વિરોધ જેવી કાંઇક ઘટના થએલી હોય તેની સાથે તો પ્રથમ ખામણા કરવા જોઇએ એટલે સંઘમાં વિરોધ જેવું કાંઇ રહેવા પામે જ નહીં. કેવી સુંદર યોજના ! સંવત્સરી પર્વની ઉજવણીમાં ઘણા ભાવિક આત્માઓ એનો લાભ લે છે એમાં શંકા નથી. પણ ઘણાખરા આત્માઓ એનો ઓપચારિક રીતે જ પ્રયોગ કરી સમાધાન માનવાનો પ્રયત્ન કરે છે. એ સંવત્સરીની સાચી ઉજવણી છે શું ? ઘણાઓ તો એમજ માને છે કે-પોતે તો નિરપરાધી છે જ. બધો દોષ સામા પક્ષનો છે, તેથી હું નિર્દોષ જ છું. પણ એ સમાધાન ભ્રામક જ હોય છે. અત્યારે સમાજમાં જે મતભેદો ચાલે છે તેનું મૂળ આ અંતઃકરણની નિર્મળતાના અભાવમાં જ રહેલું છે. શુદ્ધ અંતઃકરણ શી રીતે કરાય એના ઉપાયો તો શાસ્ત્રકારોએ પજુસણ મહાપર્વની દરેક ક્રિયામાં ઠાંસી ઠાંસીને ભરી દીધા છે. પણ આપણે તેનાથી વંચિત જ રહી જઇએ છીએ. શાસનદેવ બધાઓને સદ્બુદ્ધિ આપે !

આ પર્વાધિરાજની સાચી ઉજવણીમાં આત્માને શાંતિ મળે, મનને તુષ્ટિ મળે અને શરીરને પુષ્ટિ મળે એ દેખીતી વાત છે. જગતમાં ઉજવાતા બધા પર્વોમાં એકાંગી યોજના હોય છે અને ઘણા ભાગે ઐહિક સમાધાનને જ પોષવામાં આવે છે. અર્થાત્ તે ક્ષણજીવી હોય છે. જયારે આ પર્વાધિરાજની ઉજવણીમાં ઐહિક તેમજ આમુષ્મિક બન્ને પ્રકારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાધાન થઇ આત્માની ઉન્નતિ સધાય એવી સુંદર યોજના કરવામાં આવેલી હોય છે. તેથી જ આ પર્વ સહુથી શ્રેષ્ઠ ગણાય છે. તેની શ્રેષ્ઠતા આપણી કૃતિ ઉપર જ આધાર રાખે છે. આપણે મુખેથી પર્વની શ્રેષ્ઠતા ગાતા રહીએ અને ફક્ત બાહ્ય આચારમાં મન પરોવ્યા વિના કરતા રહીએ અને પછી ફળની અપેક્ષા રાખી નિરાશા અનુભવીએ એ આપણો જ દોષ ગણાય એ દીવા જેવી સ્પષ્ટ વાત છે. આપણે આ પર્વનું તેમાં નિયોજિત કરેલા અનુષ્ઠાનો અને ધર્મક્રિયાઓનો સાચો અર્થ સમજી તે મુજબ આચરણ કરીએ એ ઇચ્છવાજોગ છે. આપણો અધિકાર અનુષ્ઠાનોનો સાચો અર્થ સમજી તેના કલેવરમાં નહીં પણ તેના હાર્દમાં ઉતરી સાચી ઉજવણી કરવાનો છે. તેના ફળની ઝંખના કરવાનો નથી. ફળ તો ક્રિયામાં સમાએલું જ છે. તેના માટે જુદી માગણી હોય જ નહીં. ઘઉં વાવ્યા પછી અને ખેતરની સંભાળ કર્યા પછી અન્ય ઓછું ફળ આવે જ નહીં એ ત્રિકાલાબાધિત નિયમ છે, તે કોણ તોડી શકે તેમ છે ?

---

## વંટોળ

પન્નાલાલ જ. મસાલીઆ

જાગો ! ઉઠો !
આળસ ફગાવી દો.
પ્રભુનું નામ લઇ,
સ્ફટિક સમા નિર્મળ
હૃદયના ન્યાયભવનમાં પ્રવેશ કરો.
એમાં સુતેલા અધિષ્ઠાયકને
જાગ્રત કરો ! જાગ્રત કરો !
આમ જુઓ !
મોતના પેગામ જેવો,
ભૈરવના આવેશ જેવો,
સમદરનાં ઉછળતાં મોજાં જેવો,
અમર્યાદ રોષભર્યો,
જમાનાવાદનો ઝનૂની વંટોળ
ક્રોધથી ચિત્કાર બોલતો,
ધણધણાટ કરતા રાક્ષસ સમો,
હવામાં ચકરડાં રચતો આવી
રહ્યો છે.
જુઓ ! જુઓ !
સાસનની લુંમઝુંમ વાટિકા–
એને હલમલાવી
વિવેકના સુંદર વૃક્ષો છૂંદી રહ્યો છે.
શ્રદ્ધા અને ક્રિયાનાં ફૂલડાં મસળી
નાકથી ફુંફાટા લેતો,
ભારે કેર વર્તાવી રહ્યો છે.
ક્ષમા અને શીલના બાગવાનોને
હણી
સત્યની વાડ ભરખી રહ્યો છે.
પ્રેમ અને સંસ્કારનાં–
સુંદર ફળો લુંટાવી
ધૈર્ય, સંયમ અને
ભાવનાઓનો ધાણુ વાળી રહ્યો છે
જડતા, વક્રતા અને અવશતા
કુદરતના કેર જેવા ઉન્માદી
એવા ત્રણ છે એના ભયાનક મિત્રો
ધમચકડી મચાવતા એ,
મોઢાથી ફુત્કાર કરતા–
અને દારુણતા વધારે જતા,
પોતાની સર્વ શક્તિઓથી ઢુકતા
આપણને,
આપણી આર્યસંસ્કૃતિને,
અને આપણા શ્રેષ્ઠ અહિંસાધર્મને
જડમૂળમાંથી ઉખાડી નાખવા
ભારે કાવાદાવાખોરી સાથે–
આવી રહ્યા છે.
જુઓ ! જુઓ !
જ્ઞાનનો પ્રકાશ મંદ થતો જાય છે.
અસત્યનાં તિમિર ઘેરાતાં જાય છે.
અવ્યવસ્થાની આંધી ચડી આવી છે
પ્રેમનાં સુવર્ણ–દ્વાર બંધ થાય છે
આશાનો–અમૃતદીપ ઊંધો વળે છે
જાગો ! જાગો !
હે સહધર્મી બંધુ !
બુદ્ધિશાળી પુરુષ !
કપાળે લગાવેલો હાથ લઇ લે,
કેવળ ભાગ્યની વાતો ત્યજી દે.
થાક, અને ભયથી કંટાળ્યા વિના,
પળભર પણ થરથર્યા વિના,
એક માત્ર જોમ ને આરઝૂથી
ઉઠ ! ઊભો થા !
પથ્થરની શિલા જેવો
ભારે દેહવાળો દુશ્મન
આપણને કચરી, છૂંદી નાંખે
કે જડ અભિલાષાઓ પૂર્ણ કરવા
ભારે ખૂન્નસથી તૂટી પડે
એ પહેલાં–
સુષુપ્ત એવાં અંતરના સ્વામીને
જાગ્રત કર ! જાગ્રત કર !

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સદ્ગત શેઠશ્રી માણેકલાલ મનસુખભાઇ

અમદાવાદનિવાસી '**માકુભાઇ શેઠ**'ના લાડીલા નામથી જૈન સમાજ અપરિચિત નથી. તેઓશ્રી સં. ૨૦૦૭ના અષાડ વદિ બીજ ને શુક્રવારના રોજ બપોરના પંચાવન વર્ષની વયે સ્વર્ગવાસી થયાની નોંધ લેતાં અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

તેઓશ્રીનો જન્મ વિ. સં. ૧૯૫૨ના શ્રાવણ વદિ ૧૪ ને દિવસે પ્રસિદ્ધ શ્રીમંત જૈન કુટુંબમાં શેઠશ્રી મનસુખભાઇ ભગુભાઇને ત્યાં થયેલ. સત્તર વર્ષની વયે પિતાશ્રીનો વિયોગ થતાં, તેઓશ્રીએ બાહોશીથી અને ખંતથી આવી પડેલ વિશાળ જવાબદારી અદા કરી. પિતાશ્રીના સ્વર્ગવાસ અંગે તેઓશ્રીએ લાખો રૂપિયા દાન-ધર્મમાં ખરચ્યા હતા. પ્રથમથી જ ધાર્મિક વૃત્તિના હોવાથી તેઓશ્રીના લગ્નપ્રસંગે **ઉદ્યાપન**માં દોઢ લાખ રૂપિયાનો વ્યય કર્યો હતો.

સં. ૧૯૭૫માં શ્રી **કાપરડાજી** તીર્થમાં મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરી હતી અને વાર્ષિક તિથિની કાયમી ઉજવણી નિમિત્તે સારી રકમ અર્પણ કરી હતી. સં. ૧૯૮૪માં નવપદજીની ઓળીની આરાધના શરૂ કરી, જે સાડા ચાર વર્ષ સુધી એકધારી કરી પરિપૂર્ણ કરી હતી. ત્યારબાદ પણ તેઓ આયંબિલની તપશ્ચર્યા અવારનવાર કરતા.

તેઓશ્રીના જીવનનું સૌથી શ્રેષ્ઠ કાર્ય તે સં. ૧૯૯૧ના શિયાળામાં કાઢેલ શ્રી ગિરનારજી-સિદ્ધાચળજીનો યાત્રા-સંઘ, જેમાં ૪૦૦ મુનિ-મહારાજો, ૭૦૦ સાધ્વીજી મહારાજો અને ૧૫૦૦૦ ઉપરાંત જૈન યાત્રાળુઓ હતા અને તે સંઘમાં સાત-આઠ લાખ રૂપિયાનો વ્યય કર્યો હતો.

તીર્થોદ્ધાર ઉપરાંત સાહિત્યોદ્ધારમાં પણ તેઓશ્રીએ સારી રકમ ખર્ચી હતી. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટી સભ્ય તરીકે તેઓશ્રીએ વર્ષો પર્યન્ત કાર્ય કર્યું હતું.

ધી ગુજરાત જીનીંગ એન્ડ મેન્યુફેકચરીંગ કાં. લિમિટેડ તથા ધી હઠીસીંગ મેન્યુફેકચરીંગ કું. લી.નો વિશાળ વહીવટ ચલાવવા છતાં તેઓશ્રી ચુસ્ત ક્રિયા-પ્રેમી, ધર્મનિષ્ઠ અને શ્રદ્ધાળુ સખાવતી સદ્‌ગૃહસ્થ હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી રાજનગરને અને ખાસ કરીને જૈન સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

તેઓશ્રી આપણી સભાના પેટ્રન હતા અને સભાના ઉત્કર્ષમાં તેમનો સારો ફાળો હતો. તેમના સ્વર્ગવાસથી સભાને એક માનવંતા સભ્યની અને સાથોસાથ અમૂલ્ય સલાહકારની ખામી પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માને પૂર્ણ શાંતિ ઇચ્છી તેમના સુપુત્ર **રાજેન્દ્રકુમાર** વિગેરે આપ્તજનોને અંતઃકરણપૂર્વક દિલાસો આપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

# આર્થિક સહાયની જરૂર છે.

## શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧-૨

**( ભાષાંતર : : આવૃત્તિ છઠ્ઠી )**

ઘણા વર્ષો પૂર્વે આ પુસ્તક અમારા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ. તેની નકલ મળતી ન હતી અને વારંવાર માગણી થતી હોવાથી, છાપકામ તથા કાગળની મોંઘવારી છતાં પણ અમોએ આ છઠ્ઠી આવૃત્તિ પ્રકાશિત કરી છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજની આ અપૂર્વ કૃતિ માટે તો કહેવાનું જ શું હોય ? છઠ્ઠી આવૃત્તિ એ જ તેની ઉપયોગિતા અને લોકપ્રિયતાની નિશાની છે.

આ પુસ્તકમાં આર્થિક સહાયની જરૂર છે, તો સખાવતી અને જ્ઞાનપ્રેમી ગૃહસ્થનું આ તરફ ધ્યાન ખેંચીએ છીએ. આર્થિક સહાય આપનાર ગૃહસ્થે અમારા સાથે પત્રવ્યવહાર કરવો. આર્થિક સહાયકનો ફોટો તથા જીવન આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવશે. ગ્રંથ ક્રાઉન આઠ પેજી મોટી સાઇઝના ૪૦૦ પૃષ્ઠ લગભગ થશે.

લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

---

# સ્વાધ્યાય રત્નાવલિ

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી **સજ્ઝાય** યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન બંને માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂા ૧-૪-૦ પોસ્ટેજ અલગ.

લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

---

જીવનને સ્પર્શતા પ્રશ્નોને સંક્ષિપ્તમાં સમજાવતાં

અવશ્ય વાંચો. **પાંચ પુષ્પો** વસાવી લ્યો.

| | | | |
|---|---|---|---|
| ત્રણ મહાન તકો | ૦-૧૦-૦ | આદર્શ દેવ | ૦-૧૦-૦ |
| સફળતાની સીડી | ૦-૧૦-૦ | ગુરુ દર્શન | ૦-૧૦-૦ |
| સાચું અને ખોટું | ૦-૧૨-૦ | | |

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ—શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only